૯૭ મી જન્મજયંતી પ્રસંગે

# શ્રુતલબ્ધિવંત ગુરુ-કહાનને શ્રદ્ધાભક્તિપૂર્વક શ્રદ્ધાંજલિ

વૈશાખ સુદ બીજ

અહો! તીર્થંકરપ્રભુનો વિહાર અને દિવ્યધ્વનિ છૂટવી એ ભવ્યોના મહાભાગ્યને લઈને હોય છે. તેમ હે ભાવિ તીર્થાધિનાથ ગુરુદેવ! વિદેહી-નાથ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભામાં બિરાજનારા આપનું અહીં આગમન થવું અને અમ ભક્તોને પામરપણામાં પણ પ્રભુતાનું સત્વ અનુભવ કરાવનારી ભાવપ્રધાન અધ્યાત્મરસકસથી નીતરતી આપની એ દિવ્યવાણીનો ધોધ વહેતો રહેવો એ ભક્તોના મહાભાગ્યને લઈને જ હતા. તોપણ અમ પામર જીવોની આપ પ્રત્યેની અર્પણતાની અધૂરાશને લઈને આપશ્રી અમને છોડીને સ્વર્ગે બિરાજ્યા એ આપનો વિરહ અને અમારી અર્પણતાની અધૂરાશને અમે ભૂલી શકીએ તેમ નથી.

પ્રભુ! અન્યમતમાં એક વાત આવે છે કે સુરદાસ શ્રીકૃષ્ણને કહે છે કે હે ભગવાન! આપ મારા હાથમાંથી છટકી જઈને ભલે દૂર જાઓ પણ આપને મેં મારા હૃદયમાં બિરાજમાન કર્યા હોવાથી કોટિ ઉપાયે પણ આપ મારા હૃદયથી દૂર નહીં જઈ શકો; તેમ હે પ્રભો! આપ અમને છોડીને ભલે અમારી નજરોથી દૂર જઈ વસ્યા, તોપણ હે પ્રભો! આપના જ્ઞાન-સાગરમાંથી વીણેલાં અણમૂલાં રત્નોને અમારા હૃદયમાં સંગ્રહીને તેના સતત સ્મરણ-ચિંતવન વડે અમે આપને સદાય અમારી નજર સમક્ષ સાક્ષાતપણે જ અનુભવીએ છીએ.

હે પ્રભો! આપનો જ્ઞાન-સાગર તો અમ બાળકો ઉપર કરુણાને લઈને ૪૫-૪૫ વર્ષ સુધી એટલો તો ઉછળ્યો હતો કે એ ઉછળતાં ધૂઘવાટની —અધ્યાત્મ-અમૃતવાણીની—ગર્જના આજે પણ સાક્ષાત્‌વત સંભળાઈ રહી છે.

પ્રભુ! આપના અગાધ અમાપ ઉપકારોનું કયા શબ્દોમાં વર્ણન

કરીએ! જેમ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે ને અમૃતચંદ્રાચાર્યદેવે પરમાગમોની રચના ને ટીકા દ્વારા આ પંચમ આરામાં તીર્થંકર ને ગણધર તુલ્ય કામ કર્યું છે, તેમ હે ગુરુદેવ! એ મહાન અધ્યાત્મશાસ્ત્રોના ગૂઢ શબ્દોમાંથી, એ શબ્દોના સીધા અર્થની પેલે પાર છૂપાયેલાં ગૂઢ ભાવોના ઉદ્ઘાટન દ્વારા, અમ મંદબુદ્ધિ જીવોની શાસ્ત્રના અર્થ સમજવાની મૂંઝવણ દૂર કરીને, સ્વાનુભૂતિનો જે માર્ગ આપે સ્પષ્ટરૂપે પ્રરૂપ્યો તે અનંત અનંત ઉપકારનું વર્ણન તો સ્વાનુભવવિભૂષિત ધર્માત્મા સિવાય બીજું કોણ કરી શકે? પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી તો કહે છે કે આપને શ્રુતની લબ્ધિ હતી. ખરેખર, હે ગુરુદેવ! હજારો વર્ષ પહેલાં ગૂંથાયેલાં એ ગૂઢ શબ્દોની પેલે પાર છૂપાયેલાં ગૂઢ અગાધ ભાવોનો પાર પામી જવો એ શ્રુતની લબ્ધિનું જ સામર્થ્ય હોઈ શકે.

પ્રભુ! આપની કલ્યાણવર્ષિણી મંગલ છત્રછાયાની તો શી વાત! પણ પ્રભુ, આપના જ્ઞાન-સાગરમાંથી ઉછળેલી આપની એ દિવ્યવાણીની પણ શી વાત! આપની એ દિવ્યવાણીનું જ્યાં અમે શ્રવણ કરીએ છીએ ત્યાં આપનો વિરહ માનતું અમારું મન ખોટું પડે છે ને આપ જાણે કે સાક્ષાતરૂપે બિરાજતા હો એવો એ દિવ્યવાણી અનુભવ કરાવે છે. ધન્ય એ અસીમ ઉપકારી દિવ્યવાણી!

હે પ્રભુ! શ્રી સમયસારની પહેલી ગાથા હો કે છઠ્ઠી ગાથા હો, અગિયારમી ગાથા હો કે ૧૮૧ મી ગાથા હો કે ૩૨૦ મી ગાથા હો; શ્રી નિયમસારની ૩૮ મી ગાથા હો, ૫૦ મી ગાથા હો કે ૧૧૦ મી ગાથા હો; શ્રી પ્રવચનસારની ૮૦ મી ગાથા હો કે ૯૯ મી ગાથા હો કે ૧૦૦ મી ગાથા હો—કોઈ પણ શાસ્ત્રની કોઈ પણ ગાથા ઉપરના આપના પ્રવચન હો—પણ એ વખતે તે તે ગૂઢ શબ્દોમાં છૂપાયેલા તાગને પામીને આપે જે ઊંડા ભાવો અમને સમજાવ્યા હતા તે ભાવોમાં અમે આજે પણ જેમ જેમ ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ આપના અગાધ ઉપકાર મહિમાનો અમને વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે અને જેમ જેમ એ ઉપકાર મહિમાનો વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે તેમ તેમ આપના એ

ઊંડા ભાવોની ગહનતા વિશેષ વિશેષ સમજમાં આવતી જાય છે. એ બધો આપની શ્રુતની લબ્ધિનો જ ચમત્કાર છે.

હે કરુણાસિંધુ ગુરુદેવ! આપે બતાવેલા આત્મતત્ત્વના ઊંડાણને-મૂળને-તળને પહોંચવા અને અમારી આત્મભાવનાને ઊગ્ર બનાવવા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની પ્રેરણા ને છત્રછાયા ચિરકાળ પર્યંત વર્તો રહે એવી ભાવના ભાવીએ છીએ.

હે પ્રભો! અમારી આત્મસાધનામાં સાક્ષાત્ પરમ હિતરૂપ આપની ભાવપ્રધાન દિવ્યવાણીમાંથી વીણેલાં અણમૂલાં રત્નોના સ્મરણ-ચિંતન-મનન વડે 'ગુરુસે યહ વરદાન સુપાઉં, ફિર જગકીચબીચ નહીં આઉં"— એવી ભાવના પૂર્વક આજના આ ૯૭ મી જન્મજયંતીના મંગલ દિને શ્રદ્ધાભક્તિથી શ્રદ્ધાંજલિ.

—મુમુક્ષુ સમાજ વતી
સંપાદકના કોટિ કોટિ વંદન

—*—

## *....એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે....*

* અહીંનાં (સુવર્ણપુરીનાં) સ્થાન-સ્થાનમાં, વસ્તુ-વસ્તુમાં, રજકણ-રજકણમાં ગુરુદેવનાં સ્મરણો છે. જેના ઉપર નજર પડે, તેના આશ્રયે ગુરુદેવ સ્મરણમાં આવે છે. 'હમણાં અહીં ગુરુદેવ સીમંધરનાથનાં દર્શન કરવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ વ્યાખ્યાનની પાટ પર બિરાજશે ને અમૃતવાણી છૂટશે, હમણાં ગુરુદેવ આહાર લેવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ એકાંતમાં બેસી નિજ સ્વાધ્યાય-મનનમાં લીન થશે' એમ સર્વત્ર ગુરુદેવના ભણકાર વાગે છે. ગુરુદેવ ભુલાતા નથી. એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે. ગુરુદેવનાં એ સ્મરણો દ્વારા ગુરુદેવનાં પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને, આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ, તેઓશ્રીની ગેરહાજરીમાં પણ પુરુષાર્થ વધારતા જઈએ—એ જ કર્તવ્ય છે.

—પૂજ્ય બહેનશ્રી

# કહાન-જ્ઞાન-સાગરનાં અણમૂલાં રત્નો

કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગ કાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે! ૧. (સં. ૨૦૨૭)

*

અહો પ્રભુ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડ્યું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી. કેવળી થવાની તારામાં ખાણ પડી છે. ૨.

*

ભાઈ બાપુ! વ્યવહારનયના કથનો બધા એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો! ૩.

*

ભગવાન સર્વજ્ઞ એમ કહે છે કે તું પહેલી ચોટે અમારી સામે જોવાનું છોડી દે ને ભિન્ન વસ્તુભૂત શુદ્ધ જ્ઞાનમય આત્માને સીધો પ્રાપ્ત કર. સીધો એની સામે જોઈને પ્રાપ્ત કર...આહાહા! ૪.

*

પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું. પરમાત્મા છું. ૫.

*

નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે તે દેખવું છોડી દે અને વસ્તુને દેખ! આ તારે કરવાનું છે. નવતત્ત્વરૂપ પરિણમનને દેખે

છે ઈ તને રોગ છે. ૬. (તા. ૨૧-૯-૬૭)

*

મકાન મંદિર આદિ પુદ્‌ગલદ્રવ્યમાં વિસ્તરે છે-જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે-જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે-જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે. તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી. ૭.

*

કરુણાથી કહ્યું છે કે અરે મૂઢમતિ! અમે જે પુણ્ય-પાપભાવને અચેતન કહીએ છીએ, જડ કહીએ છીએ, પુદ્‌ગલ કહીએ છીએ, રૂપી કહીએ છીએ તેને તું આત્મા માને છો તો મોટો અપરાધી છો; જા નરક નિગોદમાં! જા પુદ્‌ગલની ખાણમાં! ચૈતન્યની ખાણમાં નહીં જવાય. ૮.

*

બહારના ભગવાનના દર્શનની વાત તો ક્યાંય રહી ગઈ પરંતુ અહીંના (અંદરનાં) ભગવાનમાં ય પર્યાયના દર્શન-નવતત્ત્વરૂપ ભેદના દર્શન એ પણ હજુ મિથ્યાદૃષ્ટિપણું છે. ૯.

*

સર્વજ્ઞ આ આત્માને જ્ઞાયકસ્વભાવી જીવતત્ત્વ જાણે છે, પુણ્ય-પાપના ભાવ થાય તેને આસ્રવતત્ત્વ જાણે છે અને શરીરાદિને અજીવ-તત્ત્વ જાણે છે—એમ જ્યારે પોતાનું જ્ઞાન પણ ભિન્ન ભિન્નપણે જાણે ત્યારે ભેદજ્ઞાન થાય છે. ૧૦.

*

આહાહા! સર્વજ્ઞ એટલે પૂરણ પૂરણ એકલું જ્ઞાન, દ્રવ્યમાં પૂરું, ગુણમાં પૂરું, પર્યાયમાં પૂરણ પ્રગટ જ્ઞાન; જ્ઞાન એટલે અપૂર્ણતા નહીં, રાગ નહીં, એકલો જ્ઞાનનો જ પૂરણપ્રકાશ-આમ શ્રદ્ધા કરવા

જાય ત્યાં અંતરમાં એકલા જ્ઞાનની અનુભવમાં પ્રતીત થઈ જાય છે. આમાં બીજું કાંઈ કરવાનું નથી. બસ, એકલો જ્ઞાન-આનંદનો રસ જ છે, જ્ઞાનનું ચોસલું છે, એમાં ઇન્દ્રિય, રાગ કે અલ્પજ્ઞતા છે જ નહીં. ૧૧.

✲

જેમાંથી કેવળજ્ઞાનની અનંતી પર્યાયો વહે એવડો ઇ છે. એક સિદ્ધ પર્યાય જેટલો ય નહીં. મારામાં તો અનંતા ભગવાનની અનંતી પર્યાયો પડી છે-એવડો હું છું. ૧૨.

✲

વસ્તુ શુદ્ધ હૈ, અભેદ હૈ, એક હૈ, લેકિન કિસકો ? કિ જિસકો જ્ઞાનમેં ઔર પ્રતીતમેં આયા હૈ ઉસકો શુદ્ધ હૈ. વૈસે હી શુદ્ધ-શુદ્ધ ઐસે નહીં. અપની તરફ ઝૂકે બિના તુજે શુદ્ધ નહીં. બોલનેમેં આયા ઉસકો નહીં લેકિન અપના સેવનમેં આયા તો ઉસ સેવનકે દ્વારા આત્મા શુદ્ધ હૈ ઐસા જાનને મેં આયા. ૧૩.

✲

અંદરમાં ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠે ઇ પણ કોલાહલ અને કકળાટ છે. બીજાને સમજાવી દઉં એ કકળાટ છે. પ્રભાવનાનો વિકલ્પ ઉઠયો ઇ પણ કોલાહલ છે. આવો વિકલ્પ હોય તો ઠીક ઈ રહેવા દે! હઠ ન કર! ધીરો થઈને ચૈતન્ય જ્ઞાયક છે એને જો. જેટલા વિકલ્પો ઉઠે છે — શુભ-અશુભ તે મને લાભદાયક છે તે મિથ્યાત્વ ભાવ છે. ૧૪.

✲

વ્યવહારરત્નત્રયનો ભાવ તે પણ વિપાકની હદે પહોંચેલું કર્મનું ફળ છે, જેમ કળથી અને ફુલફાના ચોખાનું ક્ષેત્ર જ જુદું છે તેમ રાગ અને આનંદનું ક્ષેત્ર જ જુદું જુદું....આનંદનું સ્ફૂરણ આવે તે તારી જાત છે, વિકલ્પ ઉઠે તે તારી જાત નથી. ૧૫.

✲

ચૈતન્યમૂર્તિ સત્ય સાહેબનું અસત્ય વિકારી રાંકા ભાવોમં.

પ્રસરવું, વ્યાપવું અશક્ય છે. આત્મભગવાનનું સંસારભાવોમાં વ્યાપવું અશક્ય જ છે. અદ્ધર અદ્ધરથી જ કૃત્રિમ પુણ્ય-પાપ ઊપજે છે ને અદ્ધરથી જ નાશ થાય છે એને આત્માનો આશ્રય મળતો નથી. ૧૬.

*

કર્મથી તો પર્યાય નહીં પણ પર્યાય પોતાની યોગ્યતાથી થાય એ યોગ્યતામાં પણ આત્મા વ્યાપતો નથી. જે કારણરૂપ ભગવાન, જેમાંથી કેવળજ્ઞાન આદિ પર્યાયો થાય છે, તેનું વિકારમાં વ્યાપવું અશક્ય જ છે. ૧૭.

*

છ-દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય અને બાહ્ય છે, તેનાથી ભિન્ન આત્મા જ્ઞાયક અવ્યક્ત છે, તે જ્ઞેયના લીધે જ્ઞાયક નથી, પોતાથી જ જ્ઞાયક છે. છતાંયે જરી પણ જ્ઞેય સાથે સંબંધ કરવા જાય તો તે અજીવ ઠરે છે. ૧૮.

*

સચેત શરીર ઈ જીવ છે એમ એ લોકો કહે છે. અરે! અહીં તો કહે છે કે દયા-દાનના પરિણામ પણ જડ ને અણાત્મા છે, અચેતન છે, અજીવ છે. ૧૯.

*

આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારો આત્મા શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ છે. એવો ને એવો જ છે, એને કાંઈ ખોડ-ખાપણ આવી જ નથી. ભલે એ નરક-નિગોદમાં રખડ્યો. પણ જરીય ખોડ આવી જ નથી. માટે તું ખુશી થા, ખુશી થા. ૨૦.

*

અરે પ્રભુ! પુણ્ય–પાપનો ભાવ એ આત્મા છે જ નહીં. અહીં તો વિકારને પુદ્‌ગલ જડ અચેતન ને રૂપી કહ્યો છે. તેનાથી આત્માને લાભ માનવા જાય તો આત્મા જડ રૂપી જ થઈ જાય છે. આ તો અલૌકિક વાતો છે. ભગવાનનો માર્ગ તો અલૌકિક જ હોય. ૨૧.

*

ભાઈ! અહીં જે ક્ષયોપશમ આદિ ભાવના પ્રકારો છે ઈ બીજે ન હોય હો! માટે અહીં જ જો કામ ન કર્યાં તો બીજે ન થાય હો! આ તો પોતાને માટે સમજવાનો કાળ છે. ૨૨.

❋

તારી સમીપમાં પડ્યો (એવો તારો આત્મા) તેની ભાવના કરને! દૂર પડ્યાની ભાવના શું કરે છે? ૨૩.

❋

આત્મામાં પરમેશ્વર થવાનો જ ગુણ છે, પામર થવાનો અને પામર રહેવાનો ગુણ જ નથી. ૨૪.

❋

રાગની વાત તો ક્યાંય રહી...પણ પર્યાય તરફનું લક્ષ હટાવે છે ત્યારે અંતરમાં વળાય છે. ૨૫.

❋

જે જે થવાનું હશે એ થશે એટલે એનો અર્થ એ થયો કે એનું ધ્યાન રાખવાનું નથી પણ "તારું તું ધ્યાન રાખ." જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા કર. ૨૬.

❋

વસ્તુનું સ્વરૂપ જ કોઇ એવું અચિંત્ય છે! તેની દ્રવ્યશક્તિ, ગુણશક્તિ, પર્યાયશક્તિ અચિંત્ય છે! વિકાર કેમ થયો એ પ્રશ્ન જ નથી. એવી જ કોઈ અચિંત્ય વસ્તુ છે. ૨૭.

❋

આ તો અનાદિથી નહીં કરેલું કાર્ય છે. આ તો બહુ જ શાંતિ અને ધીરજનું કાર્ય છે. એક બાજુનો પક્ષપાત થઈ જવો જોઈએ કે શરીર-વાણી-મન-વિકલ્પ એ મારું જીવન જ નથી. ૨૮.

❋

પહેલેમેં પહેલે મેરેમેં શરીર-સંસાર-વિકલ્પ હૈ હી નહીં ઐસા નિર્ણય કરકે અનુભવ કર લેના ચાહિયે. ૨૯.

*

મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહીયે. ઐસે ઐસે ઉપર ઉપરસે ન ચલે. ૩૦.

*

એકલું દુઃખનું વેદન ઈ આત્મા જ નથી, અણાત્મા છે. આહાહા! સ્ત્રી-પુત્ર આત્મા નહીં, શરીર આત્મા નહીં, પણ પુણ્ય-પાપનું એકલા દુઃખનું વેદન ઈ આત્મા જ નથી, અણાત્મા છે. ૩૧.

*

પુણ્ય-પાપ દયા-દાન-પૂજા-ભક્તિ આદિને વેદે ઈ આત્મા નથી, જડ છે.—આ પોઈન્ટ (આત્મધર્મમાં) લખવા જેવા છે. વાહ રે ચૈતન્ય વાહ! ૩૨.

*

શ્રોતા:—સાહેબ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે?

પૂજ્ય ગુરુદેવ:—એ....આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે. ૩૩.

*

અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો નિર્ણય સર્વજ્ઞસ્વભાવને સામે રાખીને જ થઈ શકે છે. પર્યાયમાં તો સર્વજ્ઞતા છે નહિ અને બીજા સર્વજ્ઞ તો પર છે. તેથી તેને સામે રાખીને નિર્ણય થઈ શકે નહિ પણ પોતાના સર્વજ્ઞસ્વભાવને સામે રાખીને અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો

નિર્ણય થાય છે. ૩૪.

અરે! બહારના સંગમાં કોની સાથે સંબંધ અને કોના ખોટા લગાડવા! અને કેટલું રહેવું! અરે! વિકારનો સંગ પણ ક્યાં વસ્તુને છે! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનોય સંગ નથી. ૩૫.

તારી ચીજ **જ્ઞાયકભાવથી** કદી છૂટી જ નથી અને રાગને કદી સ્પર્શી જ નથી—એવી દૃષ્ટિ થતાં સમ્યક્ દર્શન થાય છે. ૩૬.

શ્રી સમયસાર ગાથા ૭૨ માં આસ્રવોનું અશુચિપણું વગેરે જાણીને આસ્રવોથી નિવર્તે છે-એમ જે કહ્યું છે તે નાસ્તિથી કથન આવ્યું છે. ખરેખર આસ્રવોને જાણતાં આસ્રવોથી નિવૃત્ત થાય જ નહિ; એ તો પર્યાયનું જ્ઞાન થયું. પર્યાયના જ્ઞાનથી આસ્રવથી નિવૃત થાય જ નહિ. વસ્તુ ચૈતન્યધામ છે તેવી દૃષ્ટિ કરતાં જ આસ્રવથી નિવૃત થાય છે. ૩૭.

સ્વચ્છત્વ શક્તિના લઈને જ્ઞાનમાં રૌદ્ર ધ્યાનના પરિણામ જણાયા ત્યાં સ્વચ્છત્વ શક્તિમાં કાંઈ અશુદ્ધતા આવી જતી નથી. અરીસામાં અગ્નિ જણાવાથી અરીસામાં ઉષ્ણતા આવી જતી નથી. અશુદ્ધતા જણાતાં જ્ઞાન પણ અશુદ્ધ થઈ જતું નથી, તે જ્ઞાનને છોડવા માગે તે સ્વચ્છત્વ શક્તિને સમજ્યો નથી. ૩૮.

દેવ-શાસ્ત્ર-ગુરુ કહે છે કે અમે તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ માટે તું જ્ઞેય નિષ્ઠતાથી હટી જા. અમારી વાણી પણ જ્ઞેય છે અને જ્ઞેયની તત્પરતા એ સંસાર છે, જ્ઞાયક ઉપર તત્પર થા અને અમારા ઉપરથી તત્પરતા હટાવી દે. ૩૯.

આ આત્મા હૈ વહી જિનવર હૈ, તીર્થંકર હૈ; અનાદિકાળસે હી જિનવર હૈ! આહાહા! અનંતા કેવળજ્ઞાનકી વેલડી હૈ; પર-જિનવરકી સ્તુતિ કરનેસે તો પુણ્ય બંધન હોતા હૈ, ઉસમેં ધર્મ નહિ હોતા. અપના આત્માકી સ્તુતિ કરનેસે હી ધર્મ હોતા હૈ. ૪૦.

*

ચૈતન્યનું લક્ષ બંધાણું છે એટલે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે....આ જ સ્વભાવ છે....આ જ સ્વભાવ છે—એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ? મિથ્યાદષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે. ૪૧.

*

શ્રોતા:—શુભરાગના પરિણામથી જરાક તો લાભ થાય ને?

પૂજ્ય ગુરુદેવ:—અરે! જરાક લાભ માને તો મેરુ જેટલું મોટું મિથ્યાત્વ છે. ૪૨.

*

છ-દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય, તે રાગ કરાવવા સમર્થ નથી પણ જ્ઞાન કરાવવા પણ સમર્થ નથી. આત્મા સ્વભાવથી જ જ્ઞાતા છે. ૪૩.

*

કેવળીને જાણીને કેવળીપણું તારું નક્કી કર એમ ભગવાને ઉપદેશ કર્યો છે. સ્વભાવ સન્મુખ જા, દ્રવ્યની અભિમુખ જા, આ એક જ ભગવાનનો ઉપદેશ છે. ચારે અનુયોગોમાં આ એક જ વાત છે. ૪૪.

*

વર્તમાન અંશના માહાત્મ્યમાં ત્રિકાળી અંશનું માહાત્મ્ય ચાલ્યું ગયું છે. ૪૫.

*

આત્મામાં વિકાર થવાનો કોઈ ગુણ નથી, પુદ્ગલમાં કર્મરૂપ

થવાનો કોઈ ગુણ નથી. પુદ્‌ગલ સ્કંધ થઈને અદ્ધરથી જ કર્મરૂપે પરિણમે છે અને આત્મામાં વિકારરૂપ પરિણમન અદ્ધરથી જ ઉત્પન્ન થાય છે. ૪૬.

*

બહારથી છૂટી અંદરમાં બેઠો ને આ દર્શન-જ્ઞાન તે આત્મા.... આત્મા ...એમ ભેદ ઉઠે છે તે પણ રાગની વૃત્તિ આઠ કર્મોથી ઉત્પન્ન થયેલ ભાવ છે, એ આત્મા નથી. આત્મા તો અંતરમાં અભેદદષ્ટિ કરીને આનંદને અનુભવે તે આત્મા છે. ૪૭.

*

જેમ લાકડાની અગ્નિમાં ઉપર છારી વળી જાય છે ને અંદર સળગતું હોય છે; અગ્નિ ઉપરની છારીરૂપ રાખ અગ્નિથી જુદી જ છે. તેમ રાગ પણ ચૈતન્યની છારી સમાન હોવાથી ચૈતન્યથી જુદે જુદો જ છે. ઉષ્ણતા અને અગ્નિ એકરૂપ છે તેમ જ્ઞાન ને આત્મા એકરૂપ છે. ૪૮.

*

ભાઈ! બહારમાં સંયોગોનો ત્યાગ થયો તેમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય અને કષાય મંદ હોય એનું પણ લક્ષ છૂટી જાય અને તારો પર્યાય ચૈતન્યને પકડીને પરિણમે એ મિથ્યાત્વનો ત્યાગ એ ખરો ત્યાગ છે. ૪૯.

*

કાં તો ઈ થાય એના ભગવાનનો ને કાં થાય રાગનો! ત્રીજી કોઈ ચીજ એની નથી. કાં થાય રાગનો, કાં થાય વીતરાગસ્વભાવનો, ત્રીજાનો ઈ થતો જ નથી. આમ વાત છે. ૫૦.

*

મારા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનો અભાવ છે—એમ નિર્ણય કરે અને પછી મારા સ્વભાવમાં વિભાવનો પણ અભાવ છે એમ

નિર્ણય કરો. ૫૧.

*

અપના પરમેશ્વરકા જીવકો માહાત્મ્ય આતા નહીં. થોડા મંદ કષાય હો જાય ઉસકા માહાત્મ્ય આતા હૈ, થોડા શાસ્ત્રકા જ્ઞાન હો જાય તો ઉસકો લગતા હૈ મૈં બહોત જાનતા હૂં, થોડી ભેદવાળી શ્રદ્ધા હો જાય તો ઉસકો લગતા હૈ મેરી શ્રદ્ધા પક્કી હો ગઈ હૈ. અરે ભાઈ! એ પરલક્ષી જ્ઞાનાદિકી કુછ મહિમા નહિ હૈ. ઉસકી મહિમા સ્વભાવકી મહિમાકી દૃષ્ટિકો રોકતી હૈ. ૫૨.

*

શુભાશુભ ભાવમેં દુઃખ લગે, સ્વભાવમેં આનંદ લગે તબ રુચિ હોતી હૈ. સંસારમેં બાલબચ્ચોંકી રુચિ હૈ ઉસસે અનંત ગુણી રુચિ હોની ચાહિયે. ૫૩.

*

જ્ઞાની રાગકા કર્તા નહીં હોતા, જ્ઞાતા હી હૈ. રાગ તો દુઃખભાવ હૈ, દુઃખભાવકા કર્તા કૈસે હોતા હૈ! સુખભાવકા હી જ્ઞાની કર્તા હોતા હૈ. ૫૪.

*

વાત ઈ છે કે બહિર્મુખ લક્ષ છે તે અંતર્મુખ કરવાની વાત છે. "લાખ વાતની બાત છે નિશ્ચય ઉર આણો." અંતર્મુખ થવું એ વાત છે. આત્માને ઉર લાવો એ એક જ વાત છે. ૫૫.

*

વગર વાંચ્યે પણ અંદરમાં કાંઈક ચાલતા ચાલતા વિચારધારા વિકલ્પનો અભાવ થવાનું કારણ થશે, પણ વસ્તુનું જેને ભાન જ નથી એને વિચાર ચાલતા નથી અને વિકલ્પોને તોડવા માગે છે એ વિકલ્પ ક્યાંથી તોડી શકશે? ૫૬.

*

દ્રવ્યમાં વિકાર નથી, ગુણમાં નથી, નિમિત્તમાં નથી. પણ માળો જોર કરીને જબરજસ્તીથી અદ્ધરથી લટકતો, સમય પૂરતો ઊભો કરે છે. ૫૭.

*

ધૂળને જોવી હવે રહેવા દો! જોનારને જુઓ! જોનારને જોવો એ વસ્તુસ્વરૂપ છે માટે જોનારને જોવો. ૫૮.

*

જેમ અનાદિથી ઈ આત્મા વિના ચલાવે છે તેમ રાગ વિના ચલાવતાં શીખ. ૫૯.

*

ભાઈ! તારા ખીસ્સામાં બધું ભર્યું છે, કાઢીને ખા એટલી જ વાર છે! તારી શક્તિમાં અનંત જ્ઞાનાદિ ભર્યા પડ્યા છે, કુતૂહલ કર! ૬૦.

*

છૂટવું છે ક્યાં? પુણ્ય-પાપરૂપ હું થઈ ગયો છું એમ એણે માન્યું છે પણ એ હું નહીં, બસ એટલી વાત છે, માન્યતા જ ફેરવવાની છે. તારી દૃષ્ટિફેરે સંસાર છે અને હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી—એવી દૃષ્ટિ ને અનુભવ કરવો એ જ મુક્તિ છે. એવો અંતરસ્વીકાર કરવો એ જ મુક્તિ કહો કે મુક્તિના પંથ કહો. ૬૧.

*

જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે. ૬૨.

*

આ સમજવા માટે કેટલી ધીરજ જોઈએ અને કેટલી શાંતિ

જોઈએ! બહારના કેટલા ઉછાળા છૂટી જાય ત્યારે ઈ અંદરમાં જાણવા જાય. ૬૩.

*

ખરેખર તો ખંડ ખંડ જ્ઞાન ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સંયોગરૂપ છે. જેમ ઇન્દ્રિયો સંયોગરૂપ છે તેમ આ ખંડ ખંડ જ્ઞાન પણ સંયોગરૂપ છે, સ્વભાવરૂપ નથી. ૬૪.

*

હું કારણ થઈને મારું કાર્ય થાય એવો વિકલ્પ પૂર્વક નિર્ણય કર્યો તોપણ ઈ હજુ સ્વસન્મુખ નથી, તો પરને લઈને કાર્ય થાય એમ માને ઈ તો હજુ ક્યાંય પડ્યો છે. ૬૫.

*

આહાહા! જાતિસ્મરણજ્ઞાનમાં સામાનો પૂર્વદેહ જણાતો નથી, આત્મા જણાતો નથી, છતાં નિર્ણય કરી લ્યે કે આ આત્મા ઓ સંબંધમાં હતો! આટલી તો જાતિસ્મરણની તાકાત! તો કેવળજ્ઞાનની કેટલી તાકાત હોય!! મતિજ્ઞાનની પર્યાય પણ આટલું નિરાલંબનપણે કામ કરે તો કેવળજ્ઞાનના નિરાલંબનપણાની શું વાત! ૬૬.

*

અહો! અંતરના અભિપ્રાયની અને મિથ્યા-અભિપ્રાયની શું કિંમત છે એની જગતને ખબર નથી. રાગના કણથી લાભ થાય એમ માન્યું એણે ચૈતન્યને લૂંટી લીધો. ૬૭.

*

કોઈ કહે છે કે કેવળી પહેલે સમયે વાણી ગ્રહે છે ને બીજે સમયે છોડે છે. અરે પ્રભુ! કેવળી તો વાણીને છોડે ને ગ્રહે તો નહીં જ, પણ સમ્યગ્દષ્ટિ પણ વાણીને ગ્રહે કે છોડે તો નહીં, પણ સમ્યગ્દષ્ટિ રાગને ગ્રહે અને છોડે નહીં. વસ્તુ સ્વરૂપ જ એમ નથી—રાગને ગ્રહવો છોડવો એવું વસ્તુના સ્વરૂપનો ગુણ જ નથી. આ દિગંબર

સંતોની લ્હેર છે. આત્મા તો શુદ્ધનો સાગર છે ને! એમાં ક્યાં રાગ હતો જ! ૬૮.

*

શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું. સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં. અમે વ્યવહારે તેને જાણનારા છીએ, ખરેખર તેના જાણનારા પણ નથી. ૬૯.

*

(સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો?)...ક્યાં સુધી કરવાનું શું? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને! બીજું શું કરવાનું છે? ૭૦.

*

પહેલું સ્વજ્ઞાન ચૈતન્યમૂર્તિને જ્ઞેય કરીને કરશે, બીજું બધું જ્ઞાન તેમાં આવી જાય છે. ૭૧.

*

અરે! દૃષ્ટિના પંથને નિર્મળ ન કરે અને આવો આત્મા ન તારવે ત્યાં સુધી એનું કલ્યાણ થાય તેમ નથી. ૭૨.

*

....આ તો કેવળી પાસેથી આવેલા સંસ્કારો છે. અમે તો પૂર્વભવના જૂના દિગંબર છીએ. ૭૩.

*

ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાનસ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે. ૭૪.

*

અહો! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડી ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરીયે ચિંતા ન કરે એ તે કેવી ધીઠાઈ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે. કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાયા વચ્ચે આંતરું નથી. તેમ બે ભવ વચ્ચે આંતરું નથી માટે બીજા ભવની તો ચિંતા કર! ૭૫.

*

આ પૈસાવાળો અને આ સારા નિરોગ શરીરવાળો એમ ન જો, પણ આ કેવળી થઈ ગયા, આ પૂરણ થઈ ગયા અને મારે પર્યાયમાં હજુ અધૂરું છે એમ જો ને! ૭૬.

*

ચૈતન્યજ્યોતિનો અંતરમાં અનુભવ કરતાં, સૂર્યના તાપથી સળગતી ઉદ્ઈની જેમ રાગ બળી જાય છે, કરમાઈ જાય છે. ૭૭.

*

કોઈ દિવસ જોયું નથી એવા રોકેટનો ભરોસો કરે છે પણ એક સમયમાં આવતા પદાર્થોને જાણી લ્યે એવી શક્તિનો ભરોસો તો લાવ! ૭૮.

*

પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે. એટલે પરમાણુ બંધ સ્વભાવી જ છે અને જીવ મોક્ષ સ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની યોગ્યતા છે ને જીવમાં બંધ થવાની યોગ્યતા છે. ૭૯.

*

સઘન વૃક્ષોના વનમાં છાયા માંગવી નથી પડતી, સ્વયં મળી જાય છે. તેમ આત્મદ્રવ્ય પાસે યાચના કરવી નથી પડતી, પરંતુ પૂર્ણાનંદની સમીપ દૃષ્ટિ પડતા જ છાયા સ્વયં મળી જાય છે, માગવી નથી પડતી. હે જિનેન્દ્ર! તું તો વીતરાગ છો તેથી કોઈને કાંઈ આપતો નથી, કોઈથી કાંઈ લેતો નથી પરંતુ વૃક્ષની છાંયાની જેમ તારું શરણુ જે લ્યે હે તેને સ્વયં શરણુ મળી જાય છે. આત્મદ્રવ્યની દૃષ્ટિ કરતાં નિઃશંક છે કે આત્મા કૃપા કરે જ. ૮૦.

*

હે જિનેન્દ્ર! તારી ભક્તિથી હું પવિત્રતા તો પૂરી પામીશ જ, પરંતુ પુણ્યમાં પણુ પૂરી પ્રાપ્તિ થશે. હું તીર્થંકર ચક્રવર્તી આદિ પદ પામી મારી પૂર્ણતા સાધીશ. ૮૧.

*

અનુભવથી જ ગમ્યતા થાય એ જ આત્માનો મહિમા છે. તેને બદલે થોડી કષાયની મંદતા અને જ્ઞાનનો ઉઘાડ થાય અને એનો મહિમા આવી જાય ત્યાં આત્માના મહિમાનું ખૂન કરે છે, આત્માનો મહિમા રહેતો નથી. ૮૨.

*

કોઈ જીવને મારે નહિ, દયા પાળે, પણુ ખંડખંડજ્ઞાન–ઇન્દ્રિયજ્ઞાન તો ઝેરરૂપ જ્ઞાન છે, દુઃખરૂપ જ્ઞાન છે. એ ખંડખંડજ્ઞાનરૂપ ઇન્દ્રિય-જ્ઞાનથી પાછો વળી અતીન્દ્રિયજ્ઞાનરૂપ થઈને આત્માનો અનુભવ કરે એ જ્ઞાન છે, એ જૈનશાસનની અનુભૂતિ છે, જેમાં રાગમિશ્રિત જ્ઞાનથી ઉત્પત્તિ થતી નથી. ૮૩.

*

અત્યારે તો શાસ્ત્રની જ જરૂર છે. સોંઘા...સોંઘા...સોંઘા... જ્ઞાન કરો...જ્ઞાન કરો...જ્ઞાન કરો...આત્મવસ્તુના પડખા સમજો. આ જ મૂળ વસ્તુ છે. ૮૪.

*

શ્રોતા :—ધર્મ કરવામાં આટલી બધી મહેનત કરવી પડતી હશે ?

પૂજ્ય ગુરુદેવ : — આમાં મહેનત ક્યાં છે ? આ તો સમજણને ફેરવવાની વાત છે.

શ્રોતા :—પણ આમાં વિચારની મહેનત કરવી પડે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઈ મહેનત ક્યાં છે ? ઈ તો જ્ઞાનની પર્યાય છે, એમાં મહેનત નથી. ૮૫.

*

એને રાગનું ને નિમિત્તનું માહાત્મ્ય આવ્યું છે ને કાં તો એક સમયની પ્રગટ પર્યાયનું માહાત્મ્ય આવ્યું છે પણ વસ્તુ આખી અંદર પડી છે એનું માહાત્મ્ય આવતું નથી શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને ! કે જગતને સૃષ્ટિનો ગુપ્ત ચમત્કાર ભાસતો નથી એટલે કે અંદરમાં આખી શક્તિ પડી છે તે ભાસતી નથી. ૮૬.

*

જ્ઞાનનો સ્વભાવ જગતના પદાર્થોને જાણવાનો છે તેને બદલે તેને કરવા-મૂકવાનું માને તો અનંતા કષાયખાના માંડવા જેવું મહાન પાપ છે. જ્ઞેયો છે તેને રચવા જાય તો મોટો ખૂની મહા પાપી કષાયી છે. ૮૭.

*

અરે ! મારામાં પર કે રાગ કાંઈ નથી એવા ભાનમાં તો કેટલો કષાય મંદ થઈ જાય; એને સ્વચ્છંદ થાય જ નહિ. ભલે લડાઈ-ભોગના પરિણામ હોય છતાં અનંતાનુબંધી કષાય નથી અને મિથ્યાદૃષ્ટિ ત્યાગી થયો હોય છતાં અનંતાનુબંધી તીવ્રકષાયી છે. ૮૮.

*

ભગવાન ! તેરેમેં જો શક્તિ હૈ ઉસકો તું સમ્હાલતા નહીં હૈ ઔર અપનેમેં જો શક્તિ નહીં હૈ ઐસે ભાવકો ઉત્પન્ન કરકે ઉસમેં ઘુસ જાતા હૈ. ૮૯.

*

આટલું આમ કરું ને આમ કરું ને આટલું વાંચુ ને-કરું ને-એમ જેની દૃષ્ટિ પડી છે તેને પરમાત્મા હેય વર્તે છે. ૯૦.

*

ઈ નજર કરે કે પરના કાર્ય મારા નહીં, ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૯૧.

*

પોતાના ભગવાન સાથે જીવે તકરાર માંડી છે અને સુખને માટે બીજે બીજે ભટકયા કરે છે. ૯૨.

*

ભગવાન ઐસા કહતે હૈં કિ ભીખ માંગનેકી તેરી તાકાત નહીં, તેરા સ્વભાવ નહીં. ભગવાન ઐસા કહેવે ઔર તુઝે ઓ જચે ભી નહીં તો તુને ભગવાનકો માના નહીં. ૯૩.

*

આત્મા એટલે જ સમજણનો પિંડ....જ્ઞાનનો પિંડ...બસ આમાં તો સમજવું...સમજવું...સમજવું જ એક આવે છે, બીજું કાંઈ કરવાનું આવતું નથી!-પણ સમજવું એ કરવું નથી?-સમજવાનું જ એક કરવાનું છે. પરંતુ સમજવાનું કરવું, જ્ઞાન કરવું એનું એને માહાત્મ્ય આવતું નથી. ૯૪.

*

અટકવાના સ્થાનો અનેક છે. અંદર આવવાનો માર્ગ એક જ છે. જીવને કયાંક ને કયાંક મીઠાશ રહી જાય છે. અરે! ચાલની પણ મીઠાશ હોય! હાથી જેવી મલપતી ચાલ હોય તો એનીય મીઠાશ! ઈ તો સ્થૂળ છે, સૂક્ષ્મમાં તો રાગની જ મીઠાશ હોય છે.... ધારણાજ્ઞાન થઈ જાય અને સમજાવતાં આવડી જાય તો એની મીઠાશ આવી જાય છે, એમ કયાંક નહીં ને કયાંક અટકી જાય છે. અંદરમાં કોઈ ને કોઈ પણ શલ્ય રહેતું ન હોય તો આત્મા તરફ વળ્યા

વિના રહે જ કેમ? ૯૫.

*

શ્રોતા :—આપની વાણી પણ એવી છે કે તત્કાળ મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવ :—મોક્ષ જ છે. દષ્ટિ અંદરમાં કરી એટલે મોક્ષ જ છે. અંદરમાં મોક્ષ પડયો છે ને દષ્ટિ કરી એટલે મોક્ષ જ છે. પછી થોડી વાર લાગે એનું કાંઈ નહીં...૯૬.

*

ગુરુ કહે છે કે તારામાં તું સમા, ગુરુની પ્રથમ આ આજ્ઞા છે. પ્રથમ દષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ. ત્રણ કાળના તીર્થંકરોનો આ હુકમ છે. ૯૭.

*

સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. ૯૮.

*

શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞતાને બાદ કરો, તો બાદ કરતાં કરતાં જે બાકી રહી જાય તે આખો આત્મા છે. ૯૯.

*

શ્રોતાઃ-હું અકર્તા છું ત્યાં (એવો વિકલ્પ છે ત્યાં) એણે થોડું તો આલંબન લીધું છે ને? જોઈએ તેટલું નથી લીધું...

પૂજ્ય ગુરુદેવઃ-આલંબન લીધું જ નથી. જરીએ આલંબન લીધું નથી. ઈ તો ધારણાથી પર્યાયમાં બેઠો વાતુ કરે છે. અકર્તા સ્વભાવને અવલંબ્યા વિના પર્યાયમાં ઊભા રહીને આલંબન થતું નથી.

શ્રોતાઃ-એને કાંઈક તો લક્ષમાં આવ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવઃ-ના, ઈ તો ધારણામાં ઊભો ઊભો વાતુ કરે છે. એમ તો ૧૧ અંગવાળા દ્રવ્યલિંગીએ પણ એવી ધારણા કરી હતી. ૧૦૦.

*

નયપક્ષનો અર્થ જ વિકલ્પની મમતા છે, અભિનિવેષ છે, ત્યાં પકડાઈ ગયો છે, પર્યાયના લક્ષમાં ઉભો છે ઈ રાગમાં પકડાઈ ગયો છે. ૧૦૧.

*

તારો મહિમા કર, બીજો બધો મહિમા છોડ—એમ કહેવામાં આવે, પરંતુ હું શુદ્ધ છું ને પરિપુર્ણ છું એવો મહિમા આવે છે ઈ પણ વિકલ્પાત્મક મહિમા છે. ખરેખર તો સ્વસન્મુખ થતાં અંતરમાં ઢળે છે.

શ્રોતાઃ—સ્વસન્મુખ થવું એટલે મહિમા કરવો ને?

પૂજ્ય ગુરુદેવઃ—મહિમામાં પણ હજુ વિકલ્પ છે, અંદરમાં સહજ ઢળી જવું...કહેવામાં તો શું આવે? વસ્તુ તો વચનાતીત છે. જેટલું કહેવામાં આવે તે બધું તો ભેદરૂપ છે. ઢળી જાવ ઈ પણ હજુ ભેદ છે. ૧૦૨.

*

આ સમયસારમાં કેવળીના પેટ ખોલીને છેલ્લામાં છેલ્લી પદ્ધતિ મૂકી દીધી છે. ( જ્ઞાન તે આત્મા કહીને છેલ્લામાં છેલ્લો વ્યવહાર બતાવી દીધો છે. જ્ઞાનના ભેદને જ વ્યવહાર કહ્યાં છે. ) ૧૦૩.

*

બાહ્યબુદ્ધિ છોડાવવા, અંતરબુદ્ધિ કરાવવા, દ્રવ્યાનુયોગ છે. તારા અંતરમાં આનંદ છે—એમ શ્રદ્ધા કર. ભાઈ! તું આત્મા છો. તારો આત્મા આનંદ સ્વભાવથી ખાલી ન હોય. સમ્યગ્દર્શન એટલે મારામાં જ આનંદ ભર્યો છે એવી શ્રદ્ધા કરાવવા જ દ્રવ્યાનુયોગ છે. ૧૦૪.

*

આત્મા એકલો જ્ઞાન સ્વરૂપ જ વસ્તુ છે તેમાં રાગ જે અજ્ઞાન-સ્વરૂપ છે, તે કરવાનું આવતું જ નથી, પણ જ્ઞાનસ્વરૂપમાં ઠરવાનું જ આવે છે. જ્ઞાનસ્વરૂપમાં ઠરવું એ જ પ્રત્યાખ્યાન છે. આ જ્ઞાન-

સ્વરૂપમાં ઠરવાની જેને ખબર નથી તેને કઈ ભૂમિકામાં કેટલો રાગ આવે છે તેની ખબર જ હોતી નથી. ૧૦૫.

*

વર્તમાન વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાન પર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે. તેને અંતરમાં વાળતા " ચૈતન્ય હીરો " જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જો તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે. તેનો પ્રકાશ તને દેખાશે. ૧૦૬.

*

અંતરમુખ અને બહિર્મુખ એ બે જ મોટી વાત છે. આ વાત જૈન-શાસન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. અંતર્મુખ વસ્તુ આખી પડી છે તેમાં અંતર્મુખ થવું એ વાત જૈન-દર્શન સિવાય બીજે હોઈ શકે નહીં. કારણ કે આ વસ્તુસ્થિતિ છે. તેથી જ્યાં વસ્તુસ્થિતિ હોય ત્યાં જ આ વાત હોય. ૧૦૭.

*

અહોહો ! આ સર્વજ્ઞ, આ કેવળી, આ મોક્ષ એમ જેને બેસી જાય તો એને બંધનની રાચ છૂટી જાય ૧૦૮.

*

મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, સેવક થયા નિશ્ચિંતા; અરે ! મા-બાપના ખોળે બાળક બેઠું હોય એને પણ ચિંતા ન થાય તો ભગવાનને ખોળે બેઠો એને ભવ હોય ? ઈ બને જ નહીં. જેને ભગવાન બેઠા અને હું પણ ભગવાન છું એમ પ્રતીતિ આવી તેને ભવ હોય જ નહિ. ૧૦૯.

*

શાસ્ત્રથી જ્ઞાન નથી થતું તેમ કહ્યું, તેથી કોઈ શાસ્ત્ર-અભ્યાસ છોડી દે તો ઉલટો અશુભમાં જશે. આ તો શ્રદ્ધા કરાવવા કહેવાય છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. પરંતુ ચોપડા જોવાને વિકલ્પ આવે છે ને

ચોપડા જોવે છે, તેમ શાસ્ત્ર-અભ્યાસનો શુભ વિકલ્પ આવે છે. છે તો શુભરાગ, વિકલ્પવાળું જ્ઞાન, પરંતુ આવ્યા વિના રહેતું નથી. ૧૧૦.

*

અહો! શરીરને માથે પ્રહાર પડતાં હોય અને અંદર આત્મામાં શાંતિનું વેદન ચાલતું હોય છે. દુનિયા દેખે કે દુઃખી છે જ્ઞાની દેખે કે સુખી છે. ૧૧૧.

*

જેમ પાંચસો ધનુષ્યની કાયાવાળા મોટા માણસના પગનો અંગૂઠો વાળથી બાંધેલ હોય એને કાંઈ બંધન કહેવાય? તેમ ચૈતન્ય શક્તિ સ્વભાવના સામર્થ્ય પાસે ચારિત્રગુણની એક ક્ષણની વિકારી પર્યાયનું બંધન એ તે કાંઈ બંધન કહેવાય? ૧૧૨.

*

(શ્રોતા :—) ન્યાલ થઈ જાય એવી વાત છે. (પૂજ્યશ્રી :—) ન્યાલ શું? અંતર્મુહૂર્તે મોક્ષ થાય એવી વાત છે. બહુ તો સાધક થયો એટલે અસંખ્ય સમયે તો મોક્ષ લીધે જ છૂટકો. ૧૧૩.

*

સમ્યગ્દર્શન એટલે તો ભાઈ! આખો પરમાત્મા દૃષ્ટિમાં બેસી ગયો. ૧૧૪.

*

આ ગોળો રાગથી છૂટો પડી ગયો પછી એકલો જાણનાર જ છે. પછી દૃષ્ટિ તો અંતર્મુખમાં જ કામ કર્યા કરે છે, અને રાગ તો બાહર્મુખ રહી ગયો.

અંતર્મુખ થતાં બહિર્મુખનું જ્ઞાન રહે છે પણ પરિણમન તો અંતર્મુખમાં નિરંતર વધ્યા જ કરે છે. ૧૧૫.

*

આ તો એવી વાત છે કે સાદિ-અનંત આનંદ આનંદ થઈ

જાય અને સંસાર અનાદિ સાંત થઈ જાય છે. એનું ફળ મહાન છે, તો એનું કારણ પણ મહાન છે તો એનો આધાર પણ મહાન છે એમ એને પ્રથમ નિઃશંકપણે ભાસવું જોઈએ. પછી અંતરમાં પ્રયોગ થાય. ૧૧૬.

*

ભગવાન આત્મા એક–એક રજકણના લેબાસ વિનાનો, અને રાગના લેબાસ વગરનો છે, એવી દૃષ્ટિ વિના ખરેખર (સાદુ જીવન હોય તોપણ) સાદુ જીવન નથી. ૧૧૭.

*

સમ્યગ્દર્શન હુવા, ભગવાન હો ગયા. રાગકા મૈં કર્તા નહીં. પરકા મૈં કર્તા નહીં. મૈં તો સર્વજ્ઞ હું, તો શ્રદ્ધા મેં સર્વજ્ઞ હો ગયા. બોલનેકી બાત નહીં હૈ, અકર્તાપણા પ્રગટ હુઆ હૈ. ૧૧૮.

*

સત્ જેવું છે એવું જ્ઞાનમાં ન આવે તો તે જવાબ નહીં આપે, સમ્યક્ જ્ઞાન નહીં થાય, દૃષ્ટિ નહીં થાય, અનુભવ નહીં થાય. શ્રીમંતને કોઈ ભીખારી કહે તો તે જવાબ નહીં આપે, તેમ સત્ જેવું છે તેવું કબૂલશે નહીં તો સત્ જવાબ નહીં આપે. ૧૧૯.

*

આત્મા તો મહાપરમેશ્વર પદાર્થ છે. અનંતા કેવળીને પોતાના પેટમાં ગળી જાય એવો મહાન છે. પ્રગટમાં ભલે થોડું હોય પણ અપ્રગટમાં મહાન શક્તિ પડી છે. પ્રગટ નથી એટલે એને આટલી મહાન શક્તિ છે એમ બેસતું નથી. ૧૨૦.

*

હે ભગવાન! આપને તો ચૈતન્યકા ભંડાર ખોલ દિયા. ઉસકે પાસ કૌન ઐસા હૈ જિસકો ચક્રવર્તીકા વૈભવ ભી તરણા જૈસા

ન લગે? ૧૨૧.

*

એકલા શાસ્ત્ર-અભ્યાસમાં જ જે લાગી રહ્યો છે તેને સ્વભાવમાં આવવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો છે. પણ તે સાંભળીને કોઈ અપઢ સ્વભાવમાં તો જઈ શકતો નથી અને શાસ્ત્રાભ્યાસમાં પ્રવર્તતો નથી તો તે તો નિશ્ચયાભાસી છે. ૧૨૨.

*

જેમ તેલ પાણીનાં પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી. તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપરને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી. ૧૨૩.

*

પૃથક વસ્તુને પૃથક કરવાની તારી તાકાત નથી તો તું નપુંસક છો. પૃથક તો છે જ પરંતુ પૃથક માન્યું નથી. માટે પૃથક માનવામાં વીર્ય જોઈએ છે. ૧૨૪.

*

વિષ્ટાના ટોપલામાં રતન પડ્યું હોય તોપણ તે રતન જ છે. તેમ શરીર ગમે તેવું ઢોરનું હોય, વ્યંતરી દેવીનું હોય પણ અંદરમાં ચૈતન્ય રતનનું ભાન થયું છે એને એમ ઉલ્લાસ આવી જાય છે કે અહો! આવો ભગવાન મારી પાસે છે અને હું ક્યાં જોવા જાવ. એમ ઉલ્લાસમાં અંદર ડોલી જાય છે. ૧૨૫.

*

જેને ખરેખર એમ લાગે કે મારું જીવન નિષ્ફળ ગયું, એ તો સફળતાનો માર્ગ લ્યે છે. ૧૨૬.

*

સ્વભાવનું માહાત્મ્ય કરવા આ વાત કહેવામાં આવે છે. મારા અંતરમાં આનંદ ભર્યો છે. ભગવાન કહે છે અને મને ભાસે

છે. આ રાગ તો કૃત્રિમ અને દુઃખરૂપ છે. માટે આનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર તો સમાધાન અને શાંતિ થશે. ૧૨૭.

*

(શ્રોતાઃ-) આમાં કમાણી શું થાય? (પૂજ્યશ્રીઃ-) આમાં કમાણી એ થાય કે ઈ પોતે ત્રણ લોકનો નાથ થાય, કેવળજ્ઞાનનો બાદશાહ થાય ઈ કમાણી છે. અરે! શ્રદ્ધા-જ્ઞાન થયા ત્યાં જ ઈ કેવળજ્ઞાનનો બાદશાહ થઈ ગયો. ૧૨૮.

*

મિથ્યાત્વ એ જ સંસાર છે અને સમ્યક્ એ જ મુક્તિ છે. "અનુભવનો એટલો મહિમા છે કે એક આત્માનો અનુભવ થયો એટલે ૧૨ અંગની-ભણતરની ખટક રહી નહિ. પંચ મહાવ્રતની-ગણતરી રહી નહિ. વ્યવહાર શ્રદ્ધાની અપેક્ષા રહી નહિ." ૧૨૯.

*

જેણે દૃષ્ટિમાં મુક્તિધામ જોયું છે, રાગથી અને સંયોગથી પૃથક ચૈતન્યગોળો જોયો છે તે મડદાને જેમ પાલિશ લાકડાથી બાળે પણ પ્રીતિ નથી—એમ જ્ઞાની રાગના ભાવથી મરી ગયા છે. એક સચેતન-જ્ઞાનજ્યોતિથી જીવન છે. સાક્ષાત્ જ્યોતિ અનાદિ-અનંત એનાથી જીવન છે. ૧૩૦.

*

જેને હું દુઃખી છું એમ લાગે ઈ સુખ પ્રાપ્ત કરવા તરફ વલણ કરે. પર-પદાર્થમાં ઠીકપણું અને અઠીકપણું લાગવું એ જ દુઃખનું લક્ષણ છે, પોતાની શાંતિ માટે પરનો આશ્રય લેવો પડે એ જ દુઃખ છે. ૧૩૧.

*

આત્મસ્વભાવનો અનંતો અનાદર અને અનંતા પર દ્રવ્યોની કર્તાબુદ્ધિ, એવા મિથ્યાત્વ ભાવને છેદવા માટે અનંત, અચિંત્ય

પુરુષાર્થ માગે છે. મહાન પુરુષાર્થરૂપી ઘણના ઘા વડે એનો છેદ થઈ શકે છે. ૧૩૨.

*

જેવો ભગવાનનો સ્વભાવ છે એવો જ મારો સ્વભાવ છે, પણ અહો! એને ભરોસાની સરાણે ચડાવવો, શ્રદ્ધામાં લેવો, એના અસ્તિત્વમાં આ હું છું, એમ પ્રતીતિ કરવી! અહો! એ નિર્વિકલ્પ દૃષ્ટિ વિના થાય જ નહિ. ૧૩૩.

*

વિકારની કિંમત છૂટી જાય અને સ્વભાવની કિંમત વધી જાય એટલે વિકાર મંદ થઈ જાય, પાંગળો થઈ જાય. વિકારની કેડ તૂટી ગઈ. વિકારની રુચિ ગઈ અને સ્વભાવની કિંમત આવી પછી અસ્થિરતાનો રાગ રહે છે. સ્થિરતા થયે તે પણ છૂટી જાય છે. ૧૩૪.

*

ભાઈ! તું એકદમ નવરો પદાર્થ છે, ખાલીખમ છે. વિકાર અને પુણ્ય-પાપથી ખાલીખમ છો. જ્ઞાન અને આનંદથી તો ભરપુર છો. તું વિકાર કરે તો પર્યાયમાં દેખાય છે, વસ્તુમાં તો વિકાર છે જ ક્યાં? ૧૩૫.

●

શ્રોતા:—કેવી રીતે સાંભળવું?

પૂજ્ય ગુરુદેવ:—એ...આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. હું સિદ્ધ છું—એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ! પરમેશ્વરની વાત છે. પરમેશ્વર કેમ થવાય એની વાત છે. ૧૩૬.

*

નિમિત્તમાં મધુરપણું તેને લાગે કે જેને ઉપાદાનમાં મધુરપણું પ્રગટ્યું છે. આત્માના રસનો રસીક જીવ છે તેને ભગવાનની વાણી મીઠી લાગે છે. જે આત્મામાંથી કમાણી કરીને આવ્યો છે એને વાણીમાં પણ

મીઠાશ લાગે છે. ૧૩૭.

*

રાગ છે તે વિમુખભાવ છે તેનો પ્રેમ રાખવાથી સ્વભાવ સન્મુખની તાકાત ક્યાંથી આવશે? પહેલા શ્રદ્ધામાં શુભભાવ વૈશ્યા સમાન છે, નાયિકા સમાન છે, એમ પહેલાં પક્ષ થવો જોઈએ. એમ પહેલાં શ્રદ્ધામાં આવે તો સ્વભાવ સન્મુખ થવાની તાકાત આવશે. ૧૩૮.

*

અહો ક્ષણમાં મરી જવું અને મમતાનો પાર નહિ! ૧૩૯.

*

લાખ શાસ્ત્ર અને ચારે અનુયોગમાં એક જ વાત કરી છે કે તારી બહિર્મોહ દૃષ્ટિ જ તને અંતર્મુખ થવામાં વિઘ્નરૂપ છે. ૧૪૦.

*

ઉપાય પણ એક છે. વિઘ્ન કરનાર પણ એક જ છે. આત્મજ્ઞાન એક જ ઉપાય છે અને બહિર્મોહ દૃષ્ટિ એક જ વિઘ્નરૂપ છે. ૧૪૧.

*

દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરનેસે પ્રયોજન સિદ્ધ હોતા હૈ. દો નયકા જ્ઞાન કરવા છતાં પ્રયોજન ઉપર દૃષ્ટિ કોઈ જીવકી હી જાતી હૈ. જિસકો સમ્યક્ત્વ હોતા હૈ ૧૪૨.

*

ધીરો થા ભાઈ! ધીરો થા. વીતરાગના ઘરની દૃષ્ટિ પામવી એ અલૌકિક વાત છે. એ દૃષ્ટિ થઈ એટલે તો એની મુક્તિ થઈ ગઈ ૧૪૩.

*

પોતાનો ચૈતન્ય ભગવાન જિનસ્વરૂપ છે તેની અંતર દૃષ્ટિ કરી-અંતર દર્શન કરતાં નિધત અને નિકાચીત કર્મના ભુક્કા થઈ

જાય છે ત્યારે વ્યવહારથી ભગવાનના દર્શનથી કર્મના ભુક્કા કહેવામાં આવે છે. ૧૪૪.

*

અંતરમાં દૃષ્ટિ લગાવવી એ જ આત્માનો ખોરાક છે. શ્રદ્ધા-જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો એ જ આત્માનો ખોરાક છે. ૧૪૫.

*

હે ભાઈ! સત્‌ને સમજ્યા વિના તને કોઈ શરણ નહિ થાય. આંખ મીંચાણી ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું અજાણ્યું...અજાણ્યું થઈ પડશે... અંદરના જાણીતાને જેણે જાણતો કર્યો હશે તે જ્યાં જશે ત્યાં જાણીતો જ રહેશે. ૧૪૬.

*

તિર્યંચને સમ્યક્‌ત્વ થાય છે, ત્યાં કોઈએ પૂર્વે "આત્મા શુદ્ધ છે" એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં, પછી વિચારમાં ઉતરે છે, અને જેમ વીજળી ઉપરથી નીચે ઉતરી જાય, એમ વીર્ય અંતરમાં ઉતરી જાય છે. બસ! કરવાનું તો આટલું જ છે. પછી એમાં ને એમાં કરવાનું છે. ૧૪૭.

*

ટૂંકામાં તો આવું છે કે તારા ધ્રુવ-સ્વરૂપમાં આનંદ ભર્યો છે, એમાં દૃષ્ટિ દે. આકુળતા થાય છે, પણ વસ્તુ તો અનાકુળ રસ છે એના તરફ દૃષ્ટિ દે. લાખ વાતની આ એક વાત છે; બધું કોણ ભણતું'તું! આમ વાત છે. ૧૪૮.

*

મિથ્યાત્વ એ જ મોટામાં મોટો કષાય છે. તત્ત્વ નિર્ણય કરતાં કરતાં તે મંદ થતુ જાય છે. નિર્ણય પુરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે. ૧૪૯.

*

દેહ–દેવળના મંદિરમાં સિદ્ધ પરમાત્મા હું પોતે જ બિરાજું છું. ૧૫૦.

*

અમે પરમાત્મા થવાના અને જેણે પરમાત્માને પોતાનામાં ભરાવ્યા એ પણ પરમાત્મા થયા વિના રહેવાના નહિ. ૧૫૧.

*

કુંદકુંદ આચાર્ય કહે છે કે અમારા માલના ઘરાક કોણ હોય કે જેણે હૃદયમાં સિદ્ધ ભગવાનને બિરાજમાન કર્યા છે, તે અમારા ઘરાક હોય, (આખી સભામાં તાલીના ગડગડાટ). હજી સમ્યગ્દર્શન થયું નથી તેને સમ્યગ્દર્શન માટે સમજાવે છે. ૧૫૨.

*

ભગવાન ઐસે નહિ કહતે હૈ કિ તુમ્હારી કાળલબ્ધિ પકેગી તબ પુરુષાર્થ હોગા, હમ કહતે હૈ વૈસે તુમ પુરુષાર્થ કરો તો તુમ્હારી કાલલબ્ધિ પક હી ગઈ હૈ. ૧૫૩.

*

બધી વાત કરીને કહેવું છે એક જ કે દ્રવ્ય સન્મુખ થા, પહેલા રુચિથી અને પછી પુરુષાર્થથી: આ બધી એની ટીકા છે. ૧૫૪.

*

જાદુગર (કે. લાલ) છોકરીના બે કટકા કરીને જીવતી કરવાની વાત ચાલતા પૂજ્યશ્રીએ કહ્યું કે અરે! એમાં શું હતું? વિદ્યા આદિથી મોટું સૈન્ય ઊભું કરે, મારી નાખે, જીવતું કરી નાખે, પણ એમાં આત્માને શું લાભ?....એ....રાગથી જ્ઞાનની ભિન્નતાના કટકા કરી દે તો એ ખરો કહેવાય. ૧૫૫.

*

કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહિ, પણ હું

ભવિષ્યમાં એવો આવીશ કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૧૫૬.

*

પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકયો નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો એ પણ વસ્તુ સ્વરૂપ સમજ્યો નથી. તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી. ૧૫૭.

*

શ્રીમદ્ જેવા પણ ઈડરના પહાડ ઉપર બેસી શ્લોકોની સ્વાધ્યાય કરતા. કોઈ કહે કે પણ નિર્વિકલ્પ થઈ જાવ ને! સ્વાધ્યાય તો શુભ રાગ છે! તો એ સ્વછંદી છે. મિથ્યાત્વમાં નિર્વિકલ્પ થઈ ગયો છે. ૧૫૮.

*

સર્વજ્ઞની વાણીએ પણ હું પુરો ન પડું એવો, એ તે હું કોણ? એનું જેને માહાત્મ્ય આવ્યું છે અને એ માહાત્મ્યનું ભાસવું એ જ એને કરવાનું કર્તવ્ય છે. ૧૫૯.

*

પૂર્વે જે રામચંદ્ર આદિ મહાપુરુષો થયા અને તીર્થંકરો થયા તે બધા કેવળજ્ઞાન થયા પહેલાં મુનિ અવસ્થા કે ગૃહસ્થાશ્રમમાં વસ્તુનું સ્તવન વારંવાર કરતા હતા કે વસ્તુ આવી અચિંત્ય છે, પર્યાયનું આવું અચિંત્ય સામર્થ્ય છે, પરમાણુની તાકાત આટલી છે, તેની પર્યાયની તાકાત આટલી છે—એમ વસ્તુનું ચિંતવન-સ્તવન કરતાં હતા અને ભગવાનનું પણ સ્તવન કરતા હતા. ૧૬૦.

*

*

આ કાંઈ આલી-દૂઆલીનો મારગ નથી પણ તીર્થંકર અને

ચક્રવર્તીઓ પણ જે માર્ગે વિચરે છે એવો મહાન મારગ છે. જેના ફળમાં સાદિ અનંતની શાંતિ થઈ જાય એવો પરમ સત્ય મારગ છે. ૧૬૧.

*

મારે મારા ગુણ–પર્યાયની જરૂર છે અને બીજાની જરૂર નથી એનું નામ વૈરાગ્ય છે અને પોતામાં જે છે એની અપેક્ષા અને પોતામાં જે નથી તે બધાની ઉપેક્ષા એવા પોતાના અસ્તિત્વનું જ્ઞાન થવું તે જ્ઞાન છે. ૧૬૨.

*

આખો ચિદાનંદ ડુંગર સમ્મેદશિખર અહીં અંદરમાં પડ્યો છે. એની ઉપર અંતરમુખ થઈને અનંતા તીર્થંકરો મુક્તિ પામ્યા છે. ૧૬૩.

*

પરદ્રવ્ય કોઈ અનુકુળ-પ્રતિકુળ હૈ હી નહીં. સારા જગત જ્ઞેય હૈ ઉસમેં દો ભાગ પાડના કે યે અનુકુળ યે પ્રતિકુળ–એ મિથ્યાદષ્ટિ હૈ. ૧૬૪.

*

દેવોને જેમ કંઠમાંથી અમૃત ઝરતું હોવાથી ભોજનની ઇચ્છા ઉપજતી નથી. તેમ ધર્મીને અંતરમાંથી અમૃતરસ ઝરતો હોવાથી રાગનો રસ ટળી ગયો છે. ૧૬૫.

*

મારું તત્ત્વ સદાય મને અનુકુળ જ છે. જેટલી ચૈતન્ય-કલ્પવૃક્ષની એકાગ્રતા કરું એટલું મળે જ છે. મારે બીજાની જરૂર નથી. ૧૬૬.

*

વસ્તુમાં રાગ-દ્વેષ અને મિથ્યા શ્રદ્ધાની ગંધ જ નથી. શક્તિમાં તો એકલું સિદ્ધપદ જ પડ્યું છે. એની દૃષ્ટિ થતાં, પર્યાયમાં એનું જ એનાલાર્જ થાય છે. ૧૬૭.

*

જેમ શરીર, સ્ત્રી, આદિ પરદ્રવ્ય વિના ચાલે નહિ-એમ લઈને બેઠો છે, એમ એકવાર આમ તો લે કે મારે મારા આત્માની દૃષ્ટિ વિના એક ડગલું નહિ ચાલે લે! મારા દ્રવ્ય વિના મારે એક ક્ષણ પણ ન ચાલે એમ લે! ૧૬૮.

*

સ્વભાવ અને રાગ સાથે એણે ગાંઠ બાંધી છે એ ગાંઠને એક ક્ષણ પણ એ તોડે તો રાગથી જુદો પરમાત્મા એને હાથમાં આવે છે. ૧૬૯.

*

ત્રાજવે મેરૂ ન તોળાય-એમ કહે છે પણ અહીં તો ત્રાજવે મેરૂ તોળાય છે. શ્રદ્ધાએ મોટા પહાડને—ચૈતન્યને તોળ્યો છે. ૧૭૦.

*

પરથી એકત્વ એ જ અનાદિનો એક જ રોગ છે અને એનું જ એને દુઃખ છે. પરથી વિભક્ત-ભેદવિજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ આખા સમયસારમાં પહેલેથી ઠેઠ સુધી આ એક જ વાત છે. ૧૭૧.

*

ભાઈ બાપુ! તારી પરમેશ્વરતાનો આધાર તારું દ્રવ્ય છે. તારે પરમેશ્વર થવું હોય તો તારી પરમેશ્વરતા તારા અંતરમાં ગોત. ૧૭૨.

*

અરે જીવ! અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં તે ઘણાં દુઃખો સહન કર્યાં—નરકાદિના ઘોરમાં ઘોર દુઃખોથી પણ તું સોંસરવટ નીકળી ગયો. પણ...વિરાધકભાવે, એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકુળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગે નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય. ૧૭૩.

*

એને ઝાઝા જ્ઞેયોની સામુ જોવાની ટેવ પડી ગઈ છે. એટલે એને એક જ્ઞેય તરફ આવવું કઠણુ લાગે છે. ઝાઝા બહારના જ્ઞેય સામું જોતા તેને ભરેલું-ભરેલું લાગે છે, અને એક જ્ઞેયમા એને ખાલી ખાલી લાગે છે. ખરેખર તો ઝાઝા જ્ઞેયોમાં ખાલીખમ છે, અને આ એક જ્ઞેય ભરેલું છે. અનંતા જ્ઞેય તરફ વળતાં એકનું જ્ઞાન સાચું થતું નથી, અને એકને જાણુતાં અનંતાનું જ્ઞાન સાચું થઈ જાય છે. આ એક જ્ઞેયમાં જ મહાનતા છે. જેમાંથી અનંતી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય છે એ જ મહાન જ્ઞેય છે. ૧૭૪.

*

મારી ચૈતન્યસ્વરૂપ ચીજ તો અનાદિથી એવી ને એવી છે. મારા ધામમાં કોઈએ પ્રવેશ કર્યો જ નથી. રાગ રાગમાં રહ્યો છે. ઉપર ઉપર રહ્યો છે. મારા સ્વરૂપમાં એ કોઈનો પ્રવેશ થયો જ નથી. મારું કાંઈ ખોવાણું નથી. મારું કાંઈ ઓછું થયું નથી. આમ જાણીને હે ભાઈ! તું પ્રસન્ન થા, પ્રસન્ન થા. ૧૭૫.

*

જેની દૃષ્ટિમાં ચૈતન્યધામ પડયું છે, જેની દૃષ્ટિ ક્ષયોપશમના એક અંશનો પણ વિશ્વાસ કરતી નથી, જેની દૃષ્ટિમાં રાગ અને નિમિત્તનો વિશ્વાસ પણ ઊડી ગયો છે, એવા સમકિતને દ્રવ્યપ્રત્યયો ઉદયમાં આવવા છતાં બંધન નથી. તેની દૃષ્ટિમાં તો ચૈતન્યધામ પડ્યું છે. ૧૭૬.

*

રાગાદિકો અપના માનના ઓ અપના ત્રિકાળી જીવનકી હિંસા હૈ. આત્મા જૈસા હૈ વૈસા ઉસકો કબૂલના ઓ આત્માકી દયા હૈ. ૧૭૭.

*

શ્રોતાઃ—આ આત્મા ભગવાનની જાતનો જ છે ને?

પૂજ્યશ્રીઃ—ઈ ભગવાન જ છે, ભગવાનની જાતનો શું?

ભગવાન જ છે.

શ્રોતાઃ—સાહેબ! આપે તો ભગવાન બનાવી દીધો!

પૂજ્યશ્રીઃ—બનાવ્યો નથી, ઈ ભગવાન જ છે. ભગવાન છે એમ બતાવ્યો છે. ૧૭૮.

*

જેમ અરીસાના યોગથી દૂર એવા ચંદ્ર-સૂર્ય પણ નજીક ભાસે છે તેમ હે પ્રભુ! રત્નત્રયરૂપ અરીસામાં આપ કાળે દૂર છતાં નજીક ભાસો છો.

સિદ્ધ કાંઈ નીચે ઊતરતાં નથી. પણ સાધક જીવ કહે છે કે હે સિદ્ધ ભગવાન! આપ કાંઈ નીચે આવતાં નથી. તેથી હું જ્ઞાન-દર્પણમાં એકાગ્ર થઈને આપને મારા જ્ઞાન-દર્પણમાં નીચે ઊતારું છું. ૧૭૯.

*

રાગનો અને સંયોગનો નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? અને કલાક-બે કલાક-ચાર કલાક આની આ વાત જ ઘૂંટાય છે, રગડાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં, મનનમાં આ ને આ વાત આવ્યા કરે, ચોવીશે કલાક આ દેહના કામ તે મારા નહિ, રાગના કામ તે મારા નહિ, એમ ઘૂંટાયા કરે છે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો? એ શું ક્રિયા નથી? એનું લોકોને કાંઈ માહાત્મ્ય આવતું નથી પણ આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફડાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થઈ જશે. ૧૮૦.

*

શ્રોતાઃ—સમકિતીને બધી છૂટ?

પૂજ્યશ્રીઃ—એણે બધાથી છૂટો પડીને છૂટ લીધી છે......અંદર દૃષ્ટિનું વલણ આખું ફેરવી નાખ્યું છે. રાગનું સ્વામીત્વ ટળી ગયું છે. હું જ્ઞાનાનંદ છું એનું સ્વામીત્વ થઈ ગયું છે.

સમકિતીને ભરોસે આવ્યો છે ભગવાન. રાગના અને પરના ભરોસાં

છૂટી ગયા. આ તે કાંઈ થોડી વાત છે. જેની દષ્ટિમાં ભગવાનનો ભગવાન આવ્યો. રાગ અને પરની દષ્ટિ છૂટી ગઈ. આ જ્ઞાનીની છૂટ છે. ૧૮૧.

*

જો શુદ્ધાત્મતત્ત્વકો તો જાનતે નહિ ઔર શુભ-પારણામમેં ઉત્સાહ આકર ઉસકા ગાન ગાતે હૈં ઉસ મનુષ્ય મદિરા પીનેવાલા પાગલ હૈ! ૧૮૨.

*

શુભ ઉપયોગને જે ગાઢપણે અવલંબે છે તે પોતાની શુદ્ધ ઉપયોગ શક્તિનો તિરસ્કાર કરી રહ્યો હોવાથી અનંતકાળ સુધી શારીરિક દુઃખો જ અનુભવે છે. (પ્રવચનસાર ગાથા ૭૭) ૧૮૩.

*

ધર્મ તો કાળે જ થાય છે પણ ધર્મ કરનારની દષ્ટિ કાળ ઉપર જતી નથી પણ સ્વભાવ ઉપર જાય છે ત્યારે તેને ધર્મ અને મોક્ષ થાય છે. ૧૮૪.

*

અહો! રાગની તો શી વાત! એક સમયની પર્યાય એ મૂળ વસ્તુ નથી. મૂળ વસ્તુ તો પર્યાયની પાછળ આખું તત્ત્વ પડ્યું છે તે છે. પર્યાય પાછળ આખો મોટો ભગવાન પડ્યો છે. પર્યાયનું લક્ષ છોડીને અંદરમાં પ્રભુના દર્શન કરે ત્યારે પ્રભુ થાય છે. ૧૮૫.

*

પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર...પામર...પામર—એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૧૮૬.

*

ભિખારીપણું તો આત્મામાં નથી, પણ અલ્પજ્ઞપણું પણ

ખરેખર આત્મામાં નથી. પહેલી ચોટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે. ૧૮૭.

*

પર્યાય જો દશ્ય હૈ ઉસકો અદશ્ય કરકે, ઔર ગુણ-ભેદ જો દશ્ય હૈ ઉસકો અદશ્ય કરકે, ઔર દ્રવ્યકો દશ્ય કરકે પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યક્દર્શન પાયા હૈ, યહ એક હી માર્ગ હૈ. ૧૮૮.

*

૧૨ અંગ અને ૧૪ પૂર્વનો આ સાર છે કે "વિભાવ અને નિમિત્તની ઉપેક્ષા અને પૂર્ણ સ્વભાવની અપેક્ષા" આ આખો સાર છે. એક વાક્યમાં સાર છે. ૧૮૯.

*

રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઇન્દ્ર ઉપરથી ઊતરે તોપણ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૧૯૦.

*

ભેંસ આદિ ઢોર, ઘાસ આદિ ખાઈને પછી નિરાંતે ઓગાળે છે, તેમ તત્ત્વની વાત સાંભળવામાં આવે તેનું મંથન કરીને, ગોઠવણી કરી કરીને, જ્યાં સુધી ભાવ ન ભાસે ત્યાં સુધી એને ઓગાળવું જોઈએ......પર્યાય.......નો ભરોસો અને પછી ત્રિકાળ સત્નો ભરોસો આવવો જોઈએ. ૧૯૧.

*

આ વાત તો મહાભાગ્યશાળી પુણ્યવંત જેને અલ્પકાળમાં અનંત અનંત સુખના ધણી થવું છે તેને માટે છે. ૧૯૨.

*

એક બીજી વાત એ છે કે કોઈ આ વાત સાંભળીને, પહેલાં પૂજા ભક્તિ કરતો હોય અને આવું સાંભળીને તત્ત્વવિચારમાં રહેતો હોય તો તેને કોઈ કહે કે આને સાંભળવાનું ફળ શું ? –તો કહે છે કે ભાઈ? પૂજાદિ કરતાં તો તત્ત્વવિચારમાં વિશેષ કષાયમંદતા છે, એમાં ભ્રષ્ટતા નથી. તારી દૃષ્ટિ ઊંધી છે. તારી સાથે પૂજાદિમાં ઊભેલો દેખાય નહિ એટલે ભ્રષ્ટ છે તેમ નથી, તેમાં તો શુભભાવ ઘણો જ ઊંચો છે. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહ્યું છે. ૧૯૩.

*

શ્રોતા :– રુચિ થાય અને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય એવું કાંઈ ખરું ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ– રુચિ થાય એને થાય જ... થાય જ... થાય — થાય.... ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણ કાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ-હતોત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ–નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ એમ થવું જોઈએ. ૧૯૪.

—•—

## * સૌનું કર્તવ્ય *

ગુરુદેવ અદ્‌ભુત પ્રતાપી પુરુષ હતા, ભારતના ઝળહળતા સૂર્ય હતા; આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા; ભક્તોને તારણહારના વસમા વિરહ પડ્યા. ભક્તોને તો એવા જ ભાવો હોય ને કે તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય-અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય-અપેક્ષાએ દેવપર્યાય ધારણ કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તારણહારનાં પાવન દર્શન-સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં. શું કરીએ! હવે, એ ઉપકારમૂર્તિને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન ઘડવું એ જ સૌનું કર્તવ્ય છે. એમ કરવાથી શીઘ્ર આ બળબળતા સંસારનાં અનેક દુઃખોથી છૂટી શાશ્વતસુખમય અવિચળ ધામમાં આપણે અવશ્ય પહોંચી જઈશું.

—પૂજ્ય બહેનશ્રી

# પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ : કારણશુદ્ધપર્યા[illegible]

[શ્રી નિયમસાર શાસ્ત્ર ગાથા–૧૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન]

આ નિયમસારની પંદરમી ગાથા છે. આ ગાથામાં સ્વભાવપર્યાય અને વિભા[illegible] પર્યાયનું સ્વરૂપ બતાવે છે.

णरणारयतिरियसुरा पज्जाया ते विभावमिदि भणिदा ।
कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा ।। १५ ।।

તિર્યંચ–નારક–દેવ–નર પર્યાય વૈભાવિક કહ્યા,
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વાભાવિક ભાખિયા. ૧૫.

અર્થ:—મનુષ્ય, નારક, તિર્યંચ, ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામ[illegible] આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.

જુઓ, આ ગાથામાં સૂક્ષ્મ અને અલૌકિક વાત આવશે. ધ્યાન રાખજો[illegible] અહીં પર્યાયની વાત છે તેમાં કારણશુદ્ધપર્યાયની વાત પણ લેશે.

આત્માના પર્યાયોમાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એવા બે પ્રકાર છે, તેમાં સ્વભાવપર્યાયનાં બે પ્રકાર છે.

(૧) કારણશુદ્ધપર્યાય અને (૨) કાર્યશુદ્ધપર્યાય.

આ ગુણની વાત નથી પણ પર્યાયની વાત છે. આત્મામાં કારણશુદ્ધપર્યાય ત્રિકાળ છે ને કાર્યશુદ્ધપર્યાય નવી પ્રગટ થાય છે.

કારણશુદ્ધપર્યાય કોને કહેવી? દ્રવ્યમાં નિરપેક્ષ કારણરૂપ શુદ્ધ દશા ત્રિકાળ છે. પદ્મપ્રભમુનિરાજે એવી વાત કરી છે કે જેમ ધર્મ–અધર્મ–આકાશ અને કાળ એ ચારે દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં પણ એકધારાપણે અખંડ એકરૂપ વર્તે છે, તેમની પર્યાયમાં વિષમતા નથી, તેમ આત્મામાં પણ તેવી એકરૂપ પર્યાય બતાવવી છે. સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એવી પર્યાયોમાં તો અનેકરૂપતા–વિષમતા આવે છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે, તે સ્વભાવની સાથે ત્રિકાળ ધ્રુવરૂપ રહેનારી અવ્યક્તરૂપે વર્તમાન વર્તતી વ્યક્તરૂપ ઉત્પાદ–વ્યય વગરની એવી અખંડ કારણશુદ્ધપર્યાય છે. તે અનાદિ અનંત છે.

ધર્માસ્તિ વગેરેમાં જે પર્યાય છે તેમાં તો ઉત્પાદ-વ્યય છે, પણ તે એકરૂપ પરમ પારિણામિક ધારાએ છે; પુદ્દગલમાં ખંડ ખંડ ને ભંગ ભંગરૂપ પર્યાય છે, તેને તો એક પરમાણુ છૂટો હોય તેમાં પણ વિષમ પર્યાયો થાય છે, એવો તેનો સ્વભાવ છે. પણ આત્મામાં તો ધર્માસ્તિ વગેરેની માફક એક ત્રિકાળ પરમપારિણામિકભાવરૂપ પર્યાય છે. તે અહીં બતાવવી છે. આત્માનો જે ત્રિકાળ સ્વભાવ છે તેવી જ તેની પરિણતિ ત્રિકાળ એકરૂપ છે. આત્માની સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાય તો વિષમ છે, એક ધારારૂપ નથી. પણ તે દરેક પર્યાય વખતે-નિગોદ વખતે કે સિદ્ધ પર્યાય વખતે, એકસરખી પારિણામિક ધારાએ અનાદિ અનંત એક પરિણતિ છે, તે શુદ્ધ નિશ્ચયનયના વિષયમાં આવે છે. સંસાર-મોક્ષ તે તો વ્યવહારનયનો વિષય છે, ને ત્રિકાળ ધ્રુવસ્વભાવ અને તેની સાથે વર્તતી એકરૂપ ધ્રુવપરિણતિ તે નિશ્ચયનયનો વિષય છે. એવું આ વર્ણન ચાલે છે.

અનાદિ અનંત સ્વભાવ-ચતુષ્ટયની સાથે વર્તતી સહજ પરિણતિ તે કારણશુદ્ધ પર્યાય છે-એમ કહે છે, તેમાં પ્રથમ સ્વભાવ-ચતુષ્ટય કેવા છે તે કહે છે.

અનાદિ અનંત, અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા અને શુદ્ધ એવા સહજ જ્ઞાન-સહજ દર્શન-સહજ ચારિત્ર-સહજ પરમ વીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય છે. આ ત્રિકાળ છે. સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાયને ગૌણ કરીને જે ત્રિકાળ એકરૂપ સહજ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય છે તે આત્માનું સ્વરૂપ છે, તે ત્રિકાળી સ્વભાવ ચતુષ્ટયની સાથે રહેલી જે પૂજિત પંચમભાવ પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આત્મા તે દ્રવ્ય, સ્વભાવ અનંત ચતુષ્ટય કહ્યા તે ગુણો, અને તેની સાથે રહેલી પરમપારિણામિકભાવે વર્તતી પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. બધાય આત્મામાં આ કારણશુદ્ધપર્યાય એક ધારાએ અનાદિ અનંત વર્તી રહી છે, તેમાં કાંઈ ભેદ નથી.

ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં જે રાગ-દ્વેષ, મોક્ષમાર્ગ કે મોક્ષ થાય છે તે તો વિષમરૂપ છે, એક ધારાએ નથી, તેમાં તો કર્મની ઉપાધિ છે, આ સહજ શુદ્ધકારણપર્યાય તો કર્મની ઉપાધિથી વિવર્જિત છે. મૂળ સૂત્રમાં "कम्मोपाधिविवज्जियपज्जाया" એમ કહ્યું છે. તેમાંથી પદ્મપ્રભ મુનિરાજે આ કારણશુદ્ધપર્યાય કાઢી છે. કાર્યશુદ્ધપર્યાયમાં તો કર્મના અભાવની પણ અપેક્ષા છે. ને આ કારણશુદ્ધપર્યાય તો દ્રવ્ય સાથે જ એકરૂપ છે, તેમાં કર્મના અભાવની પણ અપેક્ષા નથી, ત્રિકાળ નિરપેક્ષ છે.

જેવો સામાન્ય શક્તિરૂપ ત્રિકાળ સ્વભાવ છે તેવો જ તેનો પરિણતિરૂપ સ્વભાવ

પણ વર્તમાન વર્તમાન એકધારાએ શુદ્ધ વર્તે છે. તેમાં એકાગ્રતા કરતાં મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે; તે તો કાર્ય છે.

સહજ જ્ઞાનાદિ સ્વભાવ-અનંત-ચતુષ્ટય યુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંત-ચતુષ્ટય યુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમ પારિણામિકભાવ પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.

આ કારણશુદ્ધપર્યાયમાં ઉત્પાદ-વ્યય નથી, તે વર્તમાનરૂપ છે. જો આ એકધારારૂપ કારણશુદ્ધપર્યાય આત્મા સાથે ત્રિકાળ ન હોય તો, સ્વભાવની ત્રિકાળ શક્તિ અને તેનું એકરૂપ પૂરું વર્તમાન તે બન્નેના અભેદરૂપ એક પરમપારિણામિકભાવ સાબિત થતો નથી. અને જો આ પર્યાયનો અનુભવ હોય તો તો બંધ મોક્ષ વગેરે વ્યવહાર જ ન રહે. આના આશ્રયે મોક્ષ પ્રગટે છે. તે મોક્ષ કાર્ય છે ને આ પર્યાય તો ત્રિકાળ કારણપણે વર્તે છે. આ પરમપારિણામિકભાવની પર્યાય પૂજિત છે. આશ્રય કરવા જેવી છે. અહો! અહીં મુનિરાજે વસ્તુના સ્વભાવને પ્રગટ કરીને બહાર મૂકયો છે. આવી સ્પષ્ટ વાત બીજે કયાંય નીકળતી નથી.

વસ્તુની સાથે આ કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત એક ધારાએ વર્તે છે. તે ગુણ નથી, સામાન્ય દ્રવ્ય નથી પણ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવ વિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે. તેનો વ્યક્ત અનુભવ કોઈને હોતો નથી. જો તેનો વ્યક્ત અનુભવ થઈ જાય તો તે કારણ ન રહ્યું. તેમાં ઉત્પાદ-વ્યય ન હોવા છતાં તે પરિણતિ છે, પર્યાય છે. દ્રવ્યની સાથે અખંડ પારિણામિકભાવે વર્તમાન વર્તે છે. અહો! એકધારાએ પરમપારિણાણિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ-અનંત એકધારાએ જયારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે-શોભી રહ્યો છે.

આ કારણશુદ્ધપર્યાય એકરૂપ સત્ છે. ઉત્પાદ-વ્યય પણ સત્ તો છે, પરંતુ આ તો ત્રણે કાળે એકરૂપ ભાવરૂપ સત્ છે. તેમાં 'અભાવ'પણું કદી આવતું નથી. ઉત્પાદ અને વ્યય નથી. સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય તે સત્ છે, પણ તેમાં ઉત્પાદ અને વ્યય એવી વિવિધતા છે. આ કારણશુદ્ધપર્યાયમાં તેવી વિવિધતા નથી. ઉત્પાદ-વ્યય સત્ છે, તેને બતાવનારી વાણી પણ સત્ છે, ને તેનું જ્ઞાન પણ સત્ છે. તેમ આ કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયથી બધા જીવોમાં સત્ છે, તેને કહેનારી આ વાણી સત્ છે ને તેનું જ્ઞાન પણ સત્ છે.

સ્વભાવ-ચતુષ્ટયમાં જેને "સહજ પરમ વીતરાગ સુખાત્મક" કહ્યું તેમાં

ચૈતન્ય' કહેતાં પહેલાં રાગ હતો ને પછી ટળ્યો–એમ ન સમજવું, પણ ત્રણેકાળે તે સહજ રાગ રહિત જ છે. અહો! ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ–અનંત–ચતુષ્ટયની સહજ પરિણતિ સાથે જ ત્રણેકાળે બિરાજી રહ્યો છે. એક સમય પણ તે પરિણતિનો તેને વિરહ નથી. આથી તેની સ્વરૂપ પરિણતિ સહિત તે પૂજનીક છે.

જેવો ત્રિકાળ સ્વભાવ તેવું જ તેનું વર્તમાન, જેવું ત્રિકાળ સામાન્ય તેવું જ તેનું વર્તમાન વિશેષ. એ રીતે અભેદ પરમપારિણામિકસ્વભાવ ત્રિકાળ વર્તી રહ્યો છે. ત્રિકાળ સ્વભાવની અપેક્ષાવાળી એકરૂપ ધારાવાહી પર્યાય છે. જેવો ધ્રુવ સામાન્ય પારિણામિક સ્વભાવ છે, તેવી જ તેની સહજ પરિણતિ તેની સાથે બિરાજી રહી છે. તે સદા પૂજિત છે. ત્રિલોકનાથ અર્હંત અને સિદ્ધ ભગવાન કરતાં પણ આ પરમ પારિણામિકસ્વભાવની પરિણતિ મહા પૂજિત છે. કેમ કે તે જ કેવળજ્ઞાન અને મોક્ષનું કારણ છે.

ચૈતન્યની જે વર્તમાન કારણશુદ્ધપર્યાય તે પૂજિત છે. આદરણીય છે. તેમાં એકાગ્રતા કરવા જેવી છે. તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે, માટે મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાય કરતાં પણ આ પરમપારિણામિકભાવરૂપ કારણશુદ્ધ-પર્યાય તે પૂજિત છે.

જેમ દરિયો, દરિયાના પાણીનું દળ અને તેની એકરૂપ પાણીની સપાટી. તે ત્રિકાળ એકરૂપ છે, ને તેમાં મોજાં ઉછળે છે, તેમ આત્મામાં ત્રિકાળ એકરૂપ દ્રવ્ય, તેના ગુણો, ને તેની એકરૂપ ધ્રુવ પારિણામિકભાવે વર્તતી પર્યાય છે, તેમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ તેની ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે. આત્મામાં એકરૂપ ધારાએ આ કારણશુદ્ધપર્યાય વર્તી રહી છે.

જુઓ! આ વેદાંત જેવું નથી. સામાન્ય કૂટસ્થ છે, તેમ તેની ધ્રુવ પરિણતિ પણ કૂટસ્થ છે. પરંતુ તેને જાણે છે કોણ? જાણનાર તો ઉત્પાદ-વ્યયવાળી મોક્ષમાર્ગની પર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય છે તે પર્યાયદૃષ્ટિનો વિષય નથી પણ શુદ્ધ દ્રવ્ય-દૃષ્ટિનો વિષય છે, શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. સામાન્ય અને વિશેષથી પરિપૂર્ણ આવો સ્વભાવ એ ન હોય તો ચૈતન્યની પૂર્ણતા સિદ્ધ થતી નથી, દૃષ્ટિનો વિષય પૂરો થતો નથી, ચૈતન્યનો મહિમા પૂરો થતો નથી.

ધર્માસ્તિ આદિ ચાર તો અમૂર્ત અને જડ પદાર્થો છે, છતાં તેમાં ત્રિકાળ એકરૂપ ધારાએ પર્યાય વર્તે છે, તો તેને જાણનારો સર્વોત્તમ મહિમાવાળો તો ભગવાન આત્મા છે. તેમાં પણ ત્રિકાળ એકરૂપ ધારાપણે કારણશુદ્ધપરિણતિ વર્તી રહી છે. ઓછી ને વધતી એવું વિષમપણું તેમાં નથી, તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે.

ધર્માસ્તિ આદિમાં તો એકલું પ્રમેયત્વ જ છે. તેઓ પોતે પોતાને પણ જાણતાં નથી; તેને પ્રગટ કરનાર તો આત્માનું જ્ઞાન છે, એટલે આત્મા જ મહિમાવાળો છે. તે આત્માનાં ત્રિકાળ એકરૂપ સ્વભાવ-ચતુષ્ટયની સાથે જે સહજ પંચમભાવરૂપ પરિણતિ વર્તી રહી છે, તેનું નામ કારણશુદ્ધપર્યાય છે. परिणामे भवः पारिणामिकः દ્રવ્યના એકરૂપ પરિણામમય વર્તે છે તે પારિણામિકભાવની પરિણતિ છે. તે પરિણતિ વ્યવહારનયનો વિષય નથી. શુદ્ધનિશ્ચયનયનો આ વિષય છે, આ ત્રિકાળ છે, કારણરૂપ છે, ગુણ નથી પણ પર્યાય છે. પ્રગટ વેદનરૂપ નથી પણ શક્તિરૂપ છે.

કાર્યસ્વભાવપર્યાયનું વર્ણન તો પછી આવશે. આ તો ચૈતન્ય ભગવાન સાથે બિરાજતી તેની પરિણતિ સમયે સમયે છે, તેની વાત છે.

અહો ! સમયે સમયે તારામાં પરિપૂર્ણતા વર્તી રહી છે, પૂર્ણ કારણ જ્યારે જાણ ત્યારે તારામાં જ હાજર પડયું છે, બહારમાં કારણ શોધવાં જવું પડે તેમ નથી. સંસાર અવસ્થાને વિષે પણ આ કારણશુદ્ધપર્યાય ત્રિકાળ વર્તે છે.

પંડિત બનારસીદાસજીએ પરમાર્થ-વચનિકામાં આગમ પદ્ધતિ અને અધ્યાત્મ પદ્ધતિનું વિવેચન કર્યું છે. તેમાં આ વાત મૂકી દીધી છે, તેમાં સંસાર અવસ્થાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ બતાવ્યા છે.

આગમ કર્મપદ્ધતિ છે, તેના બે પ્રકાર :—દ્રવ્યરૂપ અને ભાવરૂપ

(૧) દ્રવ્યરૂપ આગમપદ્ધતિ તે પુદ્ગલકર્મની પર્યાય

(૨) ભાવરૂપ આગમપદ્ધતિ તે જીવનો વિકારી ભાવ.

અધ્યાત્મ પદ્ધતિ એટલે શુદ્ધચેતનાપદ્ધતિ, તેમાં પણ બે બોલ: દ્રવ્યરૂપ તથા ભાવરૂપ.

(૩) દ્રવ્યરૂપ તો જીવત્વ પરિણામ છે, તે જીવત્વરૂપ શુદ્ધચેતનાપરિણામ ત્રિકાળ છે.

(૪) ભાવરૂપ જ્ઞાન-દર્શનાદિ અનંતગુણપરિણામ છે. તે જ્ઞાનદર્શનાદિભાવરૂપ શુદ્ધચેતનાપરિણામ છે, તે પણ ત્રિકાળ વર્તે છે, તેને જાણવા અને માનવા તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

ઉપર કહ્યા તે ચારે પર્યાયો સંસારમાં ત્રિકાળ વર્તે છે, પહેલા બે બોલ સંસારમાં છે, પણ મોક્ષમાં નથી. ઉપર જે દ્રવ્યરૂપ અને ભાવરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ કહી છે, તે આ વાતમાં સમાઈ જાય છે.

દ્રવ્યની સમય સમયની અખંડ પરિણતિ ત્રિકાળ વર્તે છે. ભગવાન ચૈતન્ય પોતાની કારણ શુદ્ધ પરિણતિમાં ત્રિકાળ બિરાજી રહ્યો છે. આવો પરિપૂર્ણ ભગવાન છે. તેની પરિણતિમાં કદી અધૂરાશ નથી. આવી પૂર્ણતાને માને તે પૂરો થઈ જાય.

અધૂરો માનશે તે અધૂરો રહેશે. સિદ્ધ પર્યાય પ્રગટે ત્યારે પણ કારણશુદ્ધપરિણતિ તો એવી ને એવી પૂરી રહે છે. આવી કારણશુદ્ધપર્યાય છે.

ચૈતન્ય ભગવાન સાથે તેની,-તૈયાર સજેલા હથિયાર જેવી,-કારણશુદ્ધપર્યાય ત્રિકાળ પૂર્ણ પડી છે, તેની સામે જુએ તો સંસારનો નાશ થઈને મોક્ષ પર્યાય પ્રગટે.

આવું પૂર્ણ વસ્તુસ્વરૂપ છે. આવી વસ્તુનાં જ ગાણાં ગાવા જેવાં છે. એકરૂપ ધારાવાહી સપાટીપણે ચૈતન્યદરિયો બિરાજી રહ્યો છે, એ જ નિશ્ચયથી પૂજનિક છે, તેના આધારે કેવળજ્ઞાન પ્રગટે છે તે ફળરૂપ કાર્યશુદ્ધપર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય તે ફળરૂપ નથી. તેના આશ્રયે કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે, તે ફળરૂપ છે, તેનું હવે વર્ણન કરે છે.

"સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધ સદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિ યુક્ત ફળરૂપ અનંત-ચતુષ્ટયની સાથેની (અનંત-ચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની પરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.

૧. કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત છે, ને આ કાર્યશુદ્ધપર્યાય સાદિ-અનંત છે.
૨. કારણશુદ્ધપર્યાય અમૂર્ત છે, તેમ આ કાર્યશુદ્ધપર્યાય પણ અમૂર્ત છે.
૩. કારણશુદ્ધપર્યાય અતીન્દ્રિય છે, ને આ કાર્યશુદ્ધપર્યાય પણ અતીન્દ્રિય છે.
૪. કારણશુદ્ધપર્યાને ત્રિકાળ કર્મની ઉપાધિ નથી, ને આ કાર્યશુદ્ધપર્યાયને પ્રગટ્યા પછી કર્મની ઉપાધિ નથી.
૫. કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધનિશ્ચયનો વિષય છે, ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્ભૂત વ્યવહારનો વિષય છે.
૬. કારણશુદ્ધપર્યાય ત્રિકાળ સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ એવાં સ્વભાવ ચતુષ્ટય સાથે વર્તે છે ને આ કાર્યશુદ્ધપર્યાય કેવળજ્ઞાન-દર્શન-સુખ અને વીર્ય એવા ચતુષ્ટય સાથે અભેદ વર્તતી ક્ષાયિકભાવરૂપ ઉત્કૃષ્ટ પરિણતિ છે. (અહીં કાર્યચતુષ્ટયમાં વીર્ય લીધું છે, ને કારણ ચતુષ્ટયમાં આનંદ લીધો હતો).

અહો! જંગલમાં બેઠા બેઠા મુનિએ સિદ્ધ એવો જે પોતાનો આત્મા તેની સાથે રમ્મત કરતાં કરતાં—રમત કરતાં કરતાં તેને બહાર પ્રગટ કર્યો છે. ત્રિકાળ શુદ્ધસ્વભાવરૂપ ચૈતન્ય ભગવાન રાજા અને તેની કારણ શુદ્ધ પરિણતિરૂપ રાણી એ બંને ત્રિકાળ સાથે ને સાથે બિરાજી રહ્યા છે. પ્રવચનસારના ચરણાનુયોગમાં શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી કહી તે તો નિર્મળ પર્યાય પ્રગટેલી છે, પણ આ કારણશુદ્ધપરિણતિરૂપી સ્ત્રી તો ત્રિકાળ ચૈતન્યની સાથે ને સાથે જ છે, તેમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટે છે.

જે સ્વભાવ અનંત ચતુષ્ટય પ્રગટ્યા તેની સાથે બધા ગુણની પરિણતિઓ ક્ષાયિકભાવે અભેદપણે લઈને તેને શુદ્ધ કાર્યપર્યાય કહી છે. જે ત્રિકાળી અનંતસ્વભાવ ચતુષ્ટય કહ્યાં, તેમાં પણ તે દરેક ગુણની સહજ પર્યાય તો સાથે જ છે, પણ કારણ શુદ્ધ પર્યાયમાં તો બધી અભેદ થઈ જાય છે. કારણશુદ્ધપર્યાય કહી તેમાં બધાય ગુણોની ત્રિકાળી શુદ્ધ પરિણતિ આવી જાય છે.

સ્વભાવ પર્યાયમાં કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એવા બે ભેદ કહ્યા હતા તેની વ્યાખ્યા પૂરી થઈ.

પૂર્વસૂત્રમાં કહેલાં સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી. છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થ પર્યાયો શુદ્ધ જાણવા.

૧. પહેલાં સહજ શુદ્ધ નિશ્ચયનયથી કારણ શુદ્ધ પર્યાય કહ્યો.
૨. પછી શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયથી કાર્યશુદ્ધ પર્યાય કહ્યો. અને
૩. આ ત્રીજામાં સૂક્ષ્મ ઋજુસૂત્રનયની વાત લીધી.

આ સ્વભાવઅર્થપર્યાય છ એ દ્રવ્યોમાં છે. ત્રિકાળ છે. છ દ્રવ્યોને સાધારણ સ્વભાવ અર્થપર્યાય તરીકે આ પર્યાય વર્ણવ્યા છે, ને જીવને માટે ખાસ સ્વભાવ તો કારણ શુદ્ધ પર્યાય અને કાર્યશુદ્ધપર્યાય કહ્યા તે છે. જીવનો અધિકાર છે. તેથી પર્યાય તો કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એવા સ્વભાવ પર્યાયો બતાવ્યા ને પછી છ એ દ્રવ્યોને સાધારણ સ્વભાવપર્યાયની વાત કરી.

એ રીતે શુદ્ધ સ્વભાવપર્યાયોનું વર્ણન થયું. ( ક્રમશઃ )

[ આ ૯૭ મી જન્મજયંતી-વિશેષાંક હોવાથી, આ પ્રવચન પહેલાંના બે પ્રવચનો બાકી રાખીને અત્રે આ ખાસ પ્રવચન આપેલ છે. ]

—*—

સૂચનાઃ—'૯૭ મી જન્મજયંતી-અંક' તરીકેનો આ વિશેષાંક મે તથા જૂનનો અંક ભેગો કરીને પ્રકાશિત કરવામાં આવેલ હોવાથી હવે પછીનો અંક ૧૫ મી જુલાઇના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

* આગામી અંકથી-જુલાઈ ૮૬ થી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થતું હોવાથી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ-૮૬ થી જુન-૮૭ ના નવા વર્ષનું વાર્ષિક લવાજમ રૂપિયા નવ સત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપવો.

સમયસારમર્મજ્ઞ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવ શ્રી [illegible]જીસ્વામીએ કરેલ

# વિશાળશાસ્ત્રસ્વાધ્યાય

૧ સમયસાર *
૨ પ્રવચનસાર ×
૩ પંચાસ્તિકાયસંગ્રહ ×
૪ નિયમસાર ×
૫ અષ્ટપ્રાહુડ ×
૬ દ્રવ્યસંગ્રહ ×
૭ કાર્તિકેયાનુપ્રેક્ષા ×
૮ મોક્ષમાર્ગપ્રકાશક ×
૯ અનુભવપ્રકાશ ×
૧૦ સમાધિશતક ×
૧૧ ઇષ્ટોપદેશ ×
૧૨ ભક્તામર ×
૧૩ સત્તાસ્વરૂપ ×
૧૪ પરમાત્મપ્રકાશ ×
૧૫ નાટકસમયસાર ×
૧૬ યોગસાર (અમિતગતિ) ×
૧૭ સમ્યગ્જ્ઞાનદીપિકા ×
૧૮ પદ્મનંદિપંચવિંશતિકા ×
૧૯ તત્ત્વજ્ઞાનતરંગિણી ×
૨૦ તત્ત્વાર્થસાર ×

૨૧ ધવલા પ્રથમ ભાગ ×
૨૨ આત્માનુશાસન ×
૨૩ કલશટીકા
( પં. રાજમલજી કૃત ) ×
૨૪ છહઢાલા ×
૨૫ યોગસાર ×
(યોગીન્દુદેવ)
૨૬ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ
૨૭ ગોમ્મટસાર
૨૮ જ્ઞાનાર્ણવ ×
૨૯ સ્વાત્માનુભવમનન
૩૦ ચિદ્વિલાસ ×
૩૧ આત્માવલોકન
૩૨ ભગવતી આરાધના
૩૩ તત્ત્વભાવના
૩૪ રયણસાર
૩૫ દ્વાદશાનુપ્રેક્ષા (કુંદકુંદાચાર્ય)
૩૬ પંચાધ્યાયી
૩૭ તત્ત્વાર્થસૂત્ર
૩૮ સર્વાર્થસિદ્ધિ

૩૯ તત્ત્વાર્થરાજવાર્તિક
૪૦ તત્ત્વાર્થશ્લોકવાર્તિક
૪૧ આપ્તમીમાંસા
૪૨ પુરુષાર્થસિદ્ધિઉપાય ×
૪૩ ત્રિલોકસાર
૪૪ તિલોયપણ્ણત્તિ
૪૫ ધવલના બધા ભાગ
૪૬ મહાબંધ
૪૭ જયધવલા
૪૮ અર્થપ્રકાશિકા
૪૯ પરમાધ્યાત્મતરંગિણી
૫૦ આલાપપદ્ધતિ
૫૧ સર્વાર્થસિદ્ધિવચનિકા
૫૨ તત્ત્વાનુશાસન
૫૩ વૈરાગ્યમણિમાલા
૫૪ પરમાનંદસ્તોત્ર
૫૫ સ્વરૂપસમ્બોધન
૫૬ આદિપુરાણ
૫૭ ઉત્તરપુરાણ
૫૮ હરિવંશપુરાણ

૫૯ પદ્મપુરાણ
૬૦ શાન્તિનાથપુરાણ
૬૧ ભરતેશવૈભવ
૬૨ એકીભાવસ્તોત્ર
૬૩ કલ્યાણમન્દિરસ્તોત્ર
૬૪ વિષાપહારસ્તોત્ર ×
૬૫ રહસ્યપૂર્ણચિઠ્ઠી ×
૬૬ પરમાર્થવચનિકા ×
૬૭ ઉપાદાન-નિમિત્ત-ચિઠ્ઠી ×
૬૮ બ્રહ્મવિલાસ
૬૯ વિદ્વજ્જનબોધક
૭૦ પાહુડદોહા
૭૧ સાવયધમ્મદોહા
૭૨ ચર્ચાસમાધાન
૭૩ જિનસહસ્રનામ
૭૪ રત્નકરંડશ્રાવકાચાર
૭૫ સાગારધર્મામૃત
૭૬ અણગારધર્મામૃત
૭૭ આચારસાર
૭૮ ચારિત્રસાર

* સમયસાર ઉપર શાસ્ત્રસભામાં ૧૯ વાર પ્રવચન આપેલાં, × (ચિહ્ન) દર્શાવેલાં શાસ્ત્રો ઉપર પણ ( કોઈ ઉપર તો અનેકવાર ) પ્રવચન આપેલ હતાં.

૭૯ મૂલાચાર
૮૦ લાટીસંહિતા
૮૧ અમિતગતિ-શ્રાવકાચાર
૮૨ લબ્ધિસાર
૮૩ પંચસંગ્રહ
૮૪ વસુબિન્દુપ્રતિષ્ઠાપાઠ
૮૫ સુદૃષ્ટિતરંગિણી
૮૬ સપ્તભંગીતરંગિણી
૮૭ ભાવદીપિકા
૮૮ અધ્યાત્મપંચસંગ્રહ
૮૯ બનારસિવિલાસ
૯૦ અધ્યાત્મકમલમાર્તંડ
૯૧ જ્ઞાનાનન્દશ્રાવકાચાર
૯૨ નયચક્રાદિસંગ્રહ
૯૩ જૈનસિદ્ધાન્તદર્પણ
૯૪ પ્રમેયરત્નમાલા
૯૫ પરીક્ષામુખ
૯૬ આપ્તપરીક્ષા
૯૭ ન્યાયદીપિકા
૯૮ યુક્ત્યાનુશાસન
૯૯ સ્વયંભૂસ્તોત્ર
૧૦૦ સ્તુતિવિદ્યા
૧૦૧ સ્યાદ્વાદસિદ્ધિ
૧૦૨ દર્શનસાર
૧૦૩ આરાધનાસાર
૧૦૪ રત્નમાલા
૧૦૫ પાત્રકેસરીસ્તોત્ર
૧૦૬ ક્રિયાકોષ
૧૦૭ શ્રીમદ્‌રાજચન્દ્ર
૧૦૮ તરણતારણસ્વામીના ગ્રંથ
૧૦૯ મૂલારાધના
૧૧૦ બહિનશ્રીકે વચનામૃત ×
૧૧૧ જૈનતત્ત્વમીમાંસા
૧૧૨ ઉપાસકાધ્યયન
૧૧૩ વસુનન્દિશ્રાવકાચાર
૧૧૪ તત્ત્વાર્થવૃત્તિ
૧૧૫ અર્થપ્રકાશિકા
૧૧૬ સર્વાર્થસિદ્ધિ-પ્રશ્નોત્તર
૧૧૭ તત્ત્વાર્થસૂત્ર (ભાસ્કરનન્દી)
૧૧૮ તત્ત્વાર્થબોધ
૧૧૯ સિદ્ધાન્તસારસંગ્રહ
૧૨૦ સુભાષિતરત્નસન્દોહ
૧૨૧ બુદ્ધિવિલાસ
૧૨૨ શ્રાવકધર્મસંગ્રહ
૧૨૩ મુનિસુવ્રતકાવ્ય
૧૨૪ કુન્દકુન્દપ્રાભૃતસંગ્રહ
૧૨૫ અધ્યાત્મપદસંગ્રહ
૧૨૬ દોલતવિલાસ
૧૨૭ અધ્યાત્મરહસ્ય
૧૨૮ ભાવસંગ્રહ
૧૨૯ જિનશતક
૧૩૦ લઘીયસ્ત્રયસંગ્રહ
૧૩૧ આત્મપ્રબોધ
૧૩૨ તત્ત્વાર્થદીપિકા
૧૩૩ અર્ધકથાનક
૧૩૪ અધ્યાત્મતરંગિણી
૧૩૫ નીતિવાક્યામૃત
૧૩૬ સારસમુચ્ચય
૧૩૭ ધર્મધ્યાનદીપક
૧૩૮ પ્રાયશ્ચિત્તસંગ્રહ
૧૩૯ પ્રાયશ્ચિત્તસમુચ્ચય
૧૪૦ ધર્મપ્રશ્નોત્તર
૧૪૧ સમીચીન ધર્મશાસ્ત્ર
૧૪૨ રત્નમાલા
૧૪૩ અધ્યાત્મવાણી
૧૪૪ ચર્ચાશતક
૧૪૫ યતિક્રિયામંઝરી
૧૪૬ સિદ્ધાન્તસારાદિસંગ્રહ
૧૪૭ ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ
૧૪૮ પ્રતિક્રમણગ્રંથત્રયી
૧૪૯ સામાયિકપાઠ
૧૫૦ દ્રવ્યાનુયોગતર્કણા
૧૫૧ ખાનિયા-તત્ત્વચર્ચા
૧૫૨ રત્નમંજૂષા
૧૫૩ દશભક્તિ
૧૫૪ કસાયપાહુડસુત્ત
૧૫૫ સહજસુખસાધન
૧૫૬ જૈનદર્શન
૧૫૭ મદનપરાજય
૧૫૮ ધર્મામૃત
૧૫૯ અમૃતકલશ
૧૬૦ આરાધનાકથાકોષ
૧૬૧ વરાંગચરિત્ર
૧૬૨ અષ્ટસહસ્રી
૧૬૩ પ્રમેયકમલમાર્તંડ
૧૬૪ લઘુતત્ત્વસ્ફોટ
(અમૃતચંદ્રાચાર્યદેવ)

આનંદોત્સાહમય વાતાવરણમાં ઉજવાયેલો

## * ૯૭ મો જન્મજયંતી મહોત્સવ *

[ તા. ૭-૫-૮૬ થી તા. ૧૧-૫-૮૬ ]

ભારતવર્ષીય હિન્દીભાષી દિ. જૈન મુમુક્ષુવૃંદ તરફથી વિશેષરૂપે ઉજવાયેલો આ જિનશાસનપ્રભાવનાવર્ધક મંગલમય 'ગુરુ-જન્મજયંતી-મહોત્સવ'ને સફળ બનાવવા માટે પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ગુરુભક્તિભીની અંતર્ભાવના, પ્રેરણા તેમ જ આશીર્વાદ જ મુખ્ય બળ હતા. હિન્દીભાષી વિભિન્ન પ્રાંતોથી આવેલાં લગભગ ૬૦૦ મુમુક્ષુઓ ઉપરાંત સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ વિગેરેથી આવેલાં મુમુક્ષુઓ સહિત લગભગ ૨૫૦૦ મુમુક્ષુઓએ આ મંગલમય મહોત્સવનો લાભ લીધો હતો. ઉત્સવના પ્રથમ દિવસે જ લગભગ ૮૦૦ મહેમાનો આવી ગયા હતા. જેમાં હિન્દીભાષી મુમુક્ષુઓની સંખ્યા પણ વિશેષ હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૯૭ મી જન્મજયંતી મહોત્સવ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી જ્ઞાનચંદજી જૈને (દિલ્હી) પોતાના સ્વાગત-ભાષણમાં દ્રવિતહૃદયે ને અશ્રુભીના નેત્રોસહિત પરમ તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતતાભાવભીની હૃદયોર્મિ વ્યક્ત કરી હતી. તેમ જ જેઓના મંગલ આશીર્વાદથી અને જેમની કલ્યાણી છાયામાં આ ગુરુ-જન્મજયંતી મહોત્સવ ઉજવવાનું સૌભાગ્ય હિન્દીભાષી મુમુક્ષુઓને પ્રાપ્ત થયું તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રત્યે ભક્તિભાવપૂર્ણ આભાર પ્રદર્શિત કર્યો હતો.

તા. ૭-૫-૮૬ થી તા. ૧૧-૫-૮૬ ના આ મંગલમહોત્સવ દરમિયાન શ્રી ચૌંસઠ-ઋદ્ધિ-મંડલવિધાન પૂજા સમયે પરમાગમમંદિર ખીચોખીચ ભરાઈ જતું હતું. પૂજા પછી સ્વાધ્યાયમંદિરમાં રાખવામાં આવેલી 'ગુરુસ્તુતિ'માં પણ સૌ આનંદોલ્લસ પૂર્વક લાભ લેતા હતા. આ મંડલવિધાનપૂજા (કાયમી) (૧) પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો (૨) શ્રી જડાવબેન નાનાલાલ જસાણી–પરિવાર (૩) શ્રી પુરુષોતમદાસ ઓઘડદાસ કામદાર તથા ઝવેરીબેન પરષોત્તમદાસ કામદાર, મુંબઈ તરફથી તથા (પ્રાસંગિક) (૪) પ્રમુખશ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ (૫) શ્રી દીપક મનસુખલાલ દોશી (હસ્તેઃ પુષ્પાબેન દોશી) મુંબઈ (૬) શ્રી નવીનચંદ્ર દામોદરભાઈ મોદી, અમદાવાદ (૭) શ્રી કલ્પનાબેન કિરીટકુમાર વારીયા, મહુવા (હસ્તેઃ જયાબેન વારીયા) (૮) શ્રી કાંતાબેન કાંતિલાલ શાહ તથા કાંતિલાલ હરિલાલ શાહ, કાંદીવલી (૯) શ્રી અખિલભારતીય હિન્દીભાષી દિ. જૈન મુમુક્ષુવૃંદ તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસરે સવાર-સાંજ બે વખત રાખવામાં આવતાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ગૂઢભાવપ્રધાન અધ્યાત્મમસ્તીસભર ટેપ-પ્રવચનોના કાર્યક્રમમાં પરમાગમ-મંદિરમાં મુમુક્ષુઓ સમાતા ન હતા. સવારે શ્રી સમયસાર ગાથા–૧૪ ઉપર તથા સાંજે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર હિન્દી ટેપ-પ્રવચનો રાખવામાં આવતા હતા. શ્રુતલબ્ધિવંત ગુરુદેવની અધ્યાત્મ-અમૃત–વાણીનો મહિમા કયા શબ્દો દ્વારા થઈ શકે! અપાર કરુણાસાગર કૃપાળુ ગુરુદેવનો અનંત અનંત ઉપકાર કે તેઓશ્રી આપણા માટે આવી અણમોલ નિધિ મૂકતા ગયા!

સમાગત વિદ્વાનોના ગુરુભક્તિભીના તેમ જ તત્ત્વજ્ઞાનપૂર્ણ પ્રવચન પણ વિશેષ આકર્ષક રહ્યા હતા. સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી, ચિમનભાઈ મોદી, હિંમતભાઈ ડગલી તેમ જ શશિકાંતભાઇ શેઠે પોતાની મધુર, સ્પષ્ટ, નિર્ભીક, પાઠસ્પર્શી શૈલીથી તત્ત્વસ્પષ્ટીકરણની સાથોસાથ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારમહિમાનું મધુર રસપાન કરાવ્યું હતું. સાથોસાથ એ પણ સહૃદય સ્પષ્ટ વિદિત કર્યું કે—જો પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા પોતાના સ્વાનુભવવિભૂષિત લોકોત્તર સ્પષ્ટ જ્ઞાન વડે, પરમ પૂજ્ય ગુરુદેવની 'ભાવિ-તીર્થંકર'રૂપ દિવ્યતાનો તેમ જ ચમત્કૃતિભરી જ્ઞાનચેતનાનો પરિચય ન કરાવતા તો અમારા જેવા પામર જીવો અધ્યાત્મજ્ઞાનના મહાન લાભથી તેમ જ સત્પુરુષની કલ્યાણી ભક્તિથી વંચિત રહી જાત.

જન્મજયંતી-મહોત્સવને અનુરૂપ જિનમંદિર, પરમાગમમંદિર, નંદીશ્વર જિનાલય, માનસ્તંભ, સ્વાધ્યાયમંદિર આદિની વિદ્યુતપ્રભા વડે સુંદર સજાવટ કરવામાં આવી હતી. મનોહર 'બેનર' (ચાકળા), પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૭ કાચનિર્મિત કમળ-કર્ણિકાયુક્ત સુંદર ચરણચિહ્ન, ૯૭ કાચનિર્મિત બીજયુક્ત સ્વસ્તિક આદિ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા.

રોજ સવારના ટેપ પ્રવચન પછી કેટલાક બ્રહ્મચારી બહેનો દ્વારા હિન્દીભાષામાં ગવાતાં ગુરુ–ગુણકીર્તનરૂપ મધુર ગીત મુમુક્ષુઓને ભક્તિરસથી તરબોળ કરી દેતા હતાં. બપોરના આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા ભક્તિના સમયે કરાવ-વામાં આવેલ જિનેન્દ્રભક્તિ તેમ જ ગુરુભક્તિ મુમુક્ષુઓને ભક્તિરસમાં નિમગ્ન અને આનંદિત કરતી હતી. ખંડવાની બાલિકાઓએ 'સતી ચંદનબાળા'નું વૈરાગ્યપ્રેરક ભાવવાહી નાટક પ્રસ્તુત કર્યું હતું. એક દિવસ ફિલ્મ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો.

વૈશાખ સુદ બીજ–૯૭ મી જન્મજયંતીના મંગલ દિને પ્રાતઃ દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા જન્મવધાઈ, ત્યાર બાદ શ્રી ચોંસઠ-ઋદ્ધિ મંડલવિધાન પૂજા, ત્યાર બાદ સ્વાધ્યાય-મંદિરમાં પૂજ્ય બહેનશ્રી દ્વારા કરવામાં આવેલ અત્યંત ભાવભીની ગુરુભક્તિ અને તે

પછી 'ધાતકીદ્વીપ-વિદેહના ભાવિ જિનવર'ની ભવ્ય રથયાત્રા આદિ અદ્ભુત કાર્યક્રમ હતા. રથયાત્રા તો તીર્થંકરભાવનાના જન્મકલ્યાણક-જુલૂસની જેવી અતિ આનંદકારી અને ભવ્ય હતી. રજતનિર્મિત ત્રિપીઠિકા તેમ જ ગંધકુટીયુક્ત ભવ્ય રથમાં 'ભાવિ-જિનવર,' સુસજ્જ હાથી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ભવ્ય ચિત્રપટ, વિભિન્ન બગીઓમાં શ્રી સમયસાર આદિ પરમાગમ અને પૂજ્ય બહેનશ્રીનું ચિત્રપટ અને 'મોટર-કેરિયર'માં ગોઠવવામાં આવેલ ઉમરાળા–જન્મસ્થાન, પિતાજી મોતીચંદભાઈ, માતાજી ઉજમબા, પારણામાં સૂતેલાં 'કહાનકુંવર', રાશિ જોઈને કુંડળી બનાવતા જ્યોતિષાચાર્ય, દેવ-યુગલ દ્વારા વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ આદિ ભાવવાહી મનોરમ દૃશ્યયુક્ત રથયાત્રાનો દેખાવ અત્યંત નયનહારી હતો. વિશાળ મુમુક્ષુસમુદાયે ભક્તિ-ઉલ્લાસ પૂર્વક ભાગ લઈને રથયાત્રા દ્વારા સોનગઢનું વાતાવરણ આનંદથી ભરી દીધું હતું. ઘાટકોપર તથા વઢવાણ શહેરની ભજનમંડળીએ પણ જન્મજયંતીની શોભામાં હૃદયપૂર્વક પોતાનો સહયોગ આપ્યો હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજ વતી સર્વશ્રી આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહે, હિન્દીભાષી–મુમુક્ષુવૃંદ તરફથી 'જન્મજયંતી-સમિતિ'ના અધ્યક્ષ શ્રી પદમચંદજી સર્રાફ (આગરા) તેમ જ ઉપાધ્યક્ષ શ્રી જ્ઞાનચંદજી જૈને (દિલ્હી) પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની ઉપકૃતભાવભીની ભાવાંજલિ સમર્પિત કરી હતી. આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહે પોતાના વક્તવ્યમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનની આધ્યાત્મિક વિશેષતા સહિત 'मधुराधिपति कानजीस्वामी अखिलः मधुरः । मधुराधिपति–गुरुदेवस्य सर्वं मधुरम् ।' ઇત્યાદિ ગુણાનુવાદ દ્વારા મુમુક્ષુઓના મનોમંદિરમાં મહોત્સવને મધુરતમ બનાવી દીધો હતો. ત્યાર બાદ હિન્દીભાષી દિ. જૈન મુમુક્ષુવૃંદ તરફથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની આગામી ૭૩ મી જન્મજયંતી-મહોત્સવ (તા. ૧૭-૮-૮૬ થી તા. ૨૧-૮-૮૬) ઉજવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. સાથોસાથ 'બહેનશ્રીનાં વચનામૃત' રજતપત્રોમાં ઉત્કીર્ણ કરાવીને શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટને સમર્પિત કરવાનું હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. બપોરના શાસ્ત્રપ્રવચન બાદ નંદીશ્વરજિનાલયમાં ઉત્કીર્ણ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' રજતપત્રમાં ઉત્કીર્ણ કરાવીને ટ્રસ્ટને સમર્પિત કરવાનું બોટાદનિવાસી (હાલ મુંબઈ) શ્રી પુરુષોતમદાસ ઓઘડભાઈ કામદારના પરિવાર (હસ્તે શ્રી પ્રાણલાલભાઈ કામદાર તેમ જ તેમના ભાઈઓ) તરફથી જાહેર કરવામાં આવ્યું હતું.

બપોરના શાસ્ત્રપ્રવચનમાં શ્રી ચિમનભાઈ ઠાકરશીભાઈ મોદીએ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતતાભાવભીના ભાવ સાથે સમયસારની ૧૦૦ મી ગાથા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલાં ભાવોને સુંદર તથા રોચક શૈલીથી સમજાવ્યા હતા.

ત્યાર બાદ શ્રી દેવ-ગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર ભગવાનની આરતી, 'ગુરુભક્તિ' તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ટેપ-પ્રવચન અને ત્યાર બાદ મહિલાવૃંદ દ્વારા સ્વાધ્યાયમંદિરમાં 'ગુરુભક્તિ'—એ રીતે આ ૯૭ મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ પૂરો થયો હતો.

* જન્મજયંતીના મંગલ-અવસરે સંસ્થાના વિભિન્ન દાનખાતા માટે '૯૭'ની રકમ, આરતી તેમ જ રથયાત્રા આદિ દ્વારા રૂા. ૧,૫૩,૮૯૬ની દાનરાશિ જાહેર થઈ હતી. તદુપરાંત રૂા. ૧૦,૦૦૧/– કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મજયંતી-મહોત્સવ પ્રસંગે કાયમી મંડળવિધાનપૂજા ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* સાહિત્ય-વેચાણમાં ૨૦% શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી (મુંબઈ), ૨૦% શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર (રાજકોટ) તથા ૧૦% શ્રી કુંદકુંદ-કહાન પરિવાર (રાજકોટ) તરફથી—એ રીતે કુલ ૫૦% ડિસ્કાઉન્ટ રાખવામાં આવેલ હતું.

* શ્રી ત્રિવેણીબહેન કેશવલાલ કોઠારી (મુંબઈ) તરફથી આત્મધર્મના આજીવનસભ્ય ફીમાં ૨૫% ડિસ્કાઉન્ટ તથા વાર્ષિક લવાજમ ફી રૂા. ૯ના બદલે માત્ર રૂા. ૨/– રાખવામાં આવેલ હતું.

* પૂજ્ય ગુરુદેવશ્રીની ટેપ-પ્રવચનની કેસેટમાં રૂા. ૩/– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તેમ જ કેટલા બ્રહ્મચારી બહેનો તરફથી તથા રૂા. ૨/– શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા (હસ્તે: શાંતાબેન ધીયા) (રાજકોટ) તરફથી ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવેલ હતું.

* જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગની શરૂઆત તા. ૭–૫–૮૬ થી થયેલ છે, તા. ૨૬–૫–૮૬ સુધી ચાલનારા આ શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ એવા બે વર્ગ રાખવામાં આવ્યા છે. તદુપરાંત બ્રહ્મચારી બહેનો દ્વારા મહિલાઓ અને નાના બાળકોને પણ શિક્ષણ આપવામાં આવે છે. જન્મજયંતી-મહોત્સવના દિવસોમાં ૧૫૦ પુરુષો, ૨૦૦ સ્ત્રીઓ અને ૨૧૫ બાળકોએ શિક્ષણનો લાભ લીધો હતો. દિલ્હી, ઉદયપુર ખંડવા, આગરા, શિવપુરી, દમોહ, સાગર, અભાના, કરેરા, બમનપુર, સહારગાંવ, જલગાંવ, ખૈરાગઢ, ખંડેરી, મહીદપુર, જયપુર, ભોપાલ, આલોટ, કુરાવડ, કલકત્તા આદિ અનેક હિન્દીભાષી પ્રદેશથી તેમ જ સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિથી આવેલા મુમુક્ષુઓ આ અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણનો લાભ પામ્યા છે.

—૦—